**આજનો સુવિચાર**

આપણને જે ગમે તે કરવા કરતા જે કરીએ તેને ગમાડવું એ સૌથી મોટી સિદ્ધિ છે

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૭ અંક : ૨૧૪ જૂનાગઢ તા.૨૬-૮-૨૦૨૩ શનિવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂ. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 47 Volume : 214, Junagadh : Date : 26 August, 2023, Saturday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh, GUJARAT India. • Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor Abhijeet K. Upadhyay


## તામિલનાડુનાં મદુરાઈ રેલ્વે સ્ટેશન ખાતે બનેલી દુર્ઘટના

# મદુરાઈ એક્સપ્રેસ ટ્રેનનાં પ્રાઈવેટ કોચમાં આગ લાગતા ૧૦ લોકો ભડથું

### પ્રાઈવેટ કોચમાં ૬૩ યાત્રાળુઓ સવાર હતા : ૨૫થી વધુને ગંભીર ઈજા : સિલિન્ડરને કારણે આગ લાગી

મદુરાઈ તા. ૨૬

તામિલનાડુના મદુરાઈ રેલવે સ્ટેશન પર લખનૌ થી રામેશ્વરમ જઈ રહેલી પુનાલુર મદુરાઈ એક્સપ્રેસમાં આગ લાગી હતી. મદુરાઈ ક્લેક્ટરે જણાવ્યું હતું કે આ ઘટનામાં ૧૦ લોકોનાં મોત થયાં છે તેમજ ૨૫થી વધુ લોકો ઘાયલ થયા હતા. મૃત્યુ પામેલા લોકોમાં મોટા ભાગના ઉત્તરપ્રદેશના છે.

મદુરાઈના કલેક્ટર એમ એસ સંગીતાએ જણાવ્યું કે કોચમાં સવાર તમામ શ્રદ્ધાળુઓ યુપીના હતા. આ કોચ બે દિવસ મદુરાઈમાં રોકાવાનો હતો. આજે સવારે શ્રદ્ધાળુઓએ કોફી બનાવવા માટે સ્ટવ સળગાવ્યો ત્યારે સિલિન્ડરમાં બ્લાસ્ટ થયો હતો.

સીતાપુરની એક ટ્રાવેલ એજન્સીએ આ કોચનું થર્ડ પાર્ટી બુકિંગ કરાવ્યું હતું. જેમાં ૬૩ લોકો મુસાફરી કરી રહ્યા હતા. અધિકારીઓના જણાવ્યા અનુસાર, આગની ઘટનાની જાણકારી સવારે ૫.૧૫ વાગ્યે મળી હતી. જ્યારે ટ્રેનને મદુરાઈ યાર્ડ જંક્શન પર રોકી દેવામાં આવી હતી. દક્ષિણ રેલવેનું કહેવું છે કે ટ્રેનના પ્રાઈવેટ પાર્ટી કોચમાં મુસાફરો ગેરકાયદે રીતે ગેસ-સિલિન્ડર લઈ જઈ રહ્યા હતા અને તેથી જ આગ લાગી હતી.

કોચમાં આગ લાગવાનું મુખ્ય કારણ સિલિન્ડર હતું, જે ગેરકાયદે રીતે લઈ જવામાં આવી રહ્યાં હતાં. રેલવે અનુસાર, કોઈપણ વ્યક્તિ IRCTCથી કોચ બુક કરાવી શકે છે, પરંતુ સિલિન્ડર લઈ જવા પર પ્રતિબંધ છે. આમ છતાં મુસાફરો સિલિન્ડર લઈને સવાર થયા. DRM સહિત રેલવે અધિકારીઓ ઘટના સ્થળે હાજર છે. ઘાયલ લોકોને મદુરાઈની સરકારી રાજાજી કોલેજમાં દાખલ કરવામાં આવ્યા છે.

અકસ્માત બાબતના બે વીડિયો સામે આવ્યા છે, જેમાં એક મહિલા અને કેટલાક મુસાફરો બચાવો-બચાવોની બૂમો પાડી રહ્યા છે. થોડીવાર પછી તેમનો અવાજ બંધ થઈ જાય છે. રેલવે કર્મચારીઓ અગ્નિશામક સાધનો અને પાણીનો મારો કરી રહ્યા છે. પરંતુ, આગ એટલી ભયાનક હતી કે તેની કોઈ અસર થતી નહોતી.

આગની જવાળાઓ વધતી જોઈને રેલવેતંત્રએ તરત જ બાજુના કોચને અલગ કરી દીધા, જેથી આગ અન્ય કોચમાં ફેલાઈ ન શકે. આગમાં એક કોચ સંપૂર્ણપણે બળીને ખાખ થઈ ગયો છે. રેલવેએ મૃતકોના પરિવારજનોને ૧૦ લાખ રૂપિયાનું વળતર આપવાની જાહેરાત કરી છે.

## ગુજરાત સરકારે રક્ષાબંધનનાં દિવસે રજા જાહેર કરી

ગાંધીનગર તા. ૨૬

ગુજરાતમાં ભાઈ-બહેનના પવિત્ર તહેવાર રક્ષાબંધનનાના દિવસે રાજ્ય સરકારે રજા જાહેર કરતા હવે રક્ષાબંધનના દિવસે તમામ સરકારી કચેરીઓ બંધ રહેશે, આ બાબતનો ગુજરાત સરકારે પરિપત્ર જાહેર કર્યો છે.

શ્રાવણ શુક્લ પૂર્ણિમાના દિવસે રક્ષાબંધનનો તહેવાર ઉજવવામાં આવે છે અને આ દિવસે બહેન પોતાના ભાઈનાં હાથે રક્ષા કરવા માટે રાખડી બાંધે છે. આ વર્ષે રક્ષાબંધન બે દિવસ ઉજવવામાં આવશે, ત્યારે હવે રાજ્ય સરકારે રક્ષાબંધનના પવિત્ર દિવસે રજા જાહેર કરી છે જેના પગલે હવે ૩૦ ઓગસ્ટે તમામ સરકારી કચેરીઓ બંધ રહેશે. ગુજરાત સરકાર દ્વારા આ અંગે એક પરિપત્ર જાહેર કરવામાં આવ્યો છે.

## દુબઈ - ભારત વચ્ચે કંડલામાં પીપીપી મોડલનો સૌથી મોટો વ્યાપાર કરાર

નવી દિલ્હી તા. ૨૬

દુબઈ અને ભારત વચ્ચે કચ્છના કંડલામાં PPP મોડલનો સૌથી મોટો વ્યાપાર કરાર થયો છે. દિલ્હીમાં દુબઈના સુલતાન અને ડીપી વર્લ્ડના ગ્રુપ ચેરમેન સુલતાન અહેમદ બિન સુલેમ અને શિપિંગ મંત્રી સર્બાનંદ સોનોવાલ સાથી મંત્રીઓની ઉપસ્થિતિમાં સહી સિક્કા કર્યા હતા.

દીનદયાળ પોર્ટ કંડલાના તુણા મધ્યે રૂા.૪૨૪૩ કરોડના ખર્ચે વર્ષે ૧૮૦૦૦ કન્ટેનર જહાજોમાટેના કન્ટેનર ટર્મિનલનું નિર્માણ કરાશે. આ કરારમાં કંડલા પોર્ટના ચેરમેન એસ.કે. મહેતા અને ટીમની મહેનત રંગ લાવી છે. પ્રોજેક્ટ ઈનચાર્જ રવિન્દ્ર રેડ્ડી રહેશે.

## ઉત્તરપ્રદેશનાં મેડીકલ શિક્ષણ વિભાગમાં ડ્રેસ કોડ લાગુ : જીન્સ - ટીશર્ટ નહી ચાલે

લખનૌ તા. ૨૬

મેડિકલ એજ્યુકેશન ડિપાર્ટમેન્ટ દ્વારા તમામ મેડિકલ કોલેજોની મહિલાઓ, પુરૂષ ડોક્ટરો અને અન્ય કર્મચારીઓ માટે ફેશન સંબંધિત આચારસંહિતા લાગુ કર્યા બાદ હવે યુપીના નેશનલ હેલ્થ મિશને પણ આ દિશામાં પહેલ કરી છે. NHMના તમામ અધિકારીઓ અને કર્મચારીઓ માટે ડ્રેસ કોડ નક્કી કરવામાં આવ્યો છે. મહિલાઓ જીન્સ, ટી-શર્ટ કેસ્કર્ટ-ટોપ પહેરીને ઓફિસમાં આવી શકશે નહીં. પુરુષો પણ ફરજ પર હોય ત્યારે માત્ર ફોર્મલ પેન્ટ-શર્ટ પહેરશે. NHMના એડિશનલ મિશન ડાયરેક્ટર ડો. હીરાલાલે આ સંદર્ભે આદેશ જારી કર્યો છે. આદેશમાં કહેવામાં આવ્યું છે કે NHM HR પોલિસીમાં ડ્રેસ કોડની જોગવાઈ છે. પરંતુ તમામ અધિકારીઓ અને કર્મચારીઓ તેનું પાલન કરતા નથી. તેઓ અનૌપચારિક પોશાક પહેરીને ઓફિસ આવે છે. તે ગૌરવની વિરુદ્ધ છે. બધાને સુનિશ્ચિત કરવા માટે નિર્દેશ આપવામાં આવ્યો છે કે તેઓ પ્રતિષ્ઠિત ઔપચારિક કપડાં પહેરીને ઓફિસમાં આવે. મહિલાઓ સાડી કે દુપટ્ટા સાથે સલવાર કમીઝ જ પહેરશે. જ્યારે પુરુષો ફરજ પર હોય ત્યારે માત્ર ફોર્મલ પેન્ટ-શર્ટ પહેરશે.

## વડાપ્રધાન મોદી ગ્રીસથી સીધા જ બેંગ્લુરૂ પહોંચ્યા : ઈસરોની મુલાકાત લીધી

# ૨૩ ઓગષ્ટને ભારતમાં નેશનલ સ્પેસ-ડે તરીકે મનાવાશે

બેંગ્લુરૂ તા. ૨૬

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ચાર દિવસની વિદેશ યાત્રા પૂર્ણ કરીને ભારત પરત ફર્યા છે, પરંતુ આ વખતે વડાપ્રધાનનું વિમાન નવી દિલ્હી આવ્યું ન હતું અને સીધું બેંગલુરુમાં લેન્ડ થયું હતું. અહીંથી વડાપ્રધાન મોદી ચંદ્રયાન-૩ના ઐતિહાસિક સોફ્ટ લેન્ડિંગને ચંદ્ર પર સફળ બનાવનાર વૈજ્ઞાનિકોને મળવા ઈસરો પહોંચ્યા હતા.

એરપોર્ટ પર પીએમ મોદીના સ્વાગત માટે ભાજપના નેતાઓ અને કાર્યકરો સાથે મોટી સંખ્યામાં લોકો હાજર રહ્યા હતા. આ દરમિયાન પીએમ મોદીએ કહ્યું કે જ્યારે દેશના વૈજ્ઞાનિકો દેશને આટલી મોટી ભેટ આપે છે, ત્યારે જે દ્રશ્ય મેં બેંગ્લોરમાં જોયા હતા, તે ગ્રીસ અને જોહાનિસબર્ગમાં પણ જોઈ રહ્યો છું.

પીએમ મોદીએ કહ્યું કે, દુનિયાના દરેક ખૂણે માત્ર ભારતીયો જ નહીં, પરંતુ જેઓ વિજ્ઞાનમાં વિશ્વાસ રાખે છે અને ભવિષ્ય જુએ છે, માનવતાને સમર્પિત તમામ લોકો આવા જોશ અને ઉત્સાહથી ભરેલા છે. જ્યારે હું વિદેશમાં હતો ત્યારે મેં નક્કી કર્યું હતું કે ભારત પરત જઈશ તો પહેલા બેંગ્લુરુ જઈશ. સૌ પ્રથમ તો હું વૈજ્ઞાનિકોને નમન કરીશ. મોદીએ પોતાના સંબોધન દરમિયાન 'જય જવાન, જય અનુસંધાન' ના નારા પણ આપ્યા હતા. ત્યાં હાજર લોકોને સંબોધતા પીએમ મોદીએ કહ્યું, હું કહીશ જય વિજ્ઞાન અને તમે કહેશો જય અનુસંધાન. પીએમ મોદીએ કર્ણાટકના મુખ્યમંત્રી સિદ્ધારમૈયાનો આભાર માન્યો હતો. ત્યાં આવેલા લોકોનો આભાર માનતા પીએમ મોદીએ કહ્યું કે આ અહીં પ્રવચનો કરવાનો સમય નથી, કારણ કે મારું મન વૈજ્ઞાનિકો સુધી પહોંચવા માટે ઉત્સુક છે.

વડાપ્રધાન મોદીએ આ દરમિયાન ISROના કમાન્ડ સેન્ટરની મુલાકાત પણ લીધી હતી. આ દરમિયાન તેમની વૈજ્ઞાનિકો સાથે મુલાકાત થઈ હતી. ત્યાં ઈસરોના ચીફે તેમને ચંદ્રયાન-૩ વિશે સંપૂર્ણ માહિતી આપી હતી.

વૈજ્ઞાનિકોને સંબોધતા પીએમ મોદીએ કહ્યું કે તમે જાણો છો કે સ્પેસ મિશનના ટચડાઉન પોઈન્ટને નામ આપવાની વૈજ્ઞાનિક પરંપરા છે. ભારતે ચંદ્રના તે ભાગને નામ આપવાનું નક્કી કર્યું છે જેના પર આપણું ચંદ્રયાન-૩ ઉતર્યું હતું. ચંદ્રયાન-૩નું મૂન લેન્ડર જે જગ્યાએ લેન્ડ થયું હતું, હવે તે બિંદુ શિવ શક્તિ તરીકે ઓળખાશે.

બીજી જાહેરાત કરતા પીએમ મોદીએ કહ્યું કે ૨૩ ઓગસ્ટે ભારતે ચંદ્ર પર ધ્વજ ફરકાવ્યો. હવેથી તે દિવસ ભારતમાં નેશનલ સ્પેસ ડે તરીકે મનાવાશે. વડાપ્રધાને એ પણ ધ્યાન દોર્યું કે નિષ્ણાતો કહે છે કે ભારતનો અવકાશ ઉદ્યોગ થોડા વર્ષોમાં $8 બિલિયનથી વધીને $16 બિલિયન થઈ જશે.

## ભારતમાં યોજાનારી જી-૨૦ શિખર પરીષદમાં પુતિન ભાગ નહી લે

ક્રેમલીન તા. ૨૬

યુક્રેન યુદ્ધ સહિત વિવાદમાં ઘેરાયેલા રશિયાના પ્રમુખ વ્લાદીમીર પુટીન G20 દેશોની શિખર પરિષદમાં ભાગ લેવા ભારત આવશે નહી. પ્રમુખના પ્રવક્તાએ જણાવ્યું કે યુક્રેનમાં જે 'સ્પેશિયલ-મિલીટ્રી-ઓપરેશન' ચાલે છે તે સ્થિતિમાં તેઓ G20 દેશોની શિખર પરિષદમાં વ્યક્તિગત રીતે હાજરી આપી શકશે નહી. તેમના બદલે રશિયાના પ્રતિનિધિ તરીકે કોણ હાજરી આપશે તે હવે નિશ્ચિત કરવામાં આવશે.

છેલ્લે પુટીને ૨૦૧૯માં મોસાકામાં G20 દેશોની શિખર પરિષદમાં હાજરી આપી હતી પણ ૨૦૨૨ના બાલી સંમેલનમાં હાજર રહ્યા ન હતા અને તેમના બદલે રશિયાના વિદેશ મંત્રીએ હાજરી આપી હતી. પુટીને હાલમાંજ જોહનીસબર્ગમાં યોજાયેલી 'બ્રીકસ' બેઠકમાં પણ હાજરી આપી ન હતી. પુટીન સામે યુક્રેન યુદ્ધ બદલ ઈન્ટરનેશનલ ક્રિમીનલ કોર્ટએ માર્ચ માસમાં ધરપકડ વોરેન્ટ ઈસ્યુ કર્યુ છે.

## હરીયાણાનાં નુહમાં પુર્નઃ તંગદીલી - ૨૮ ઓગષ્ટે ફરી શોભાયાત્રા યોજવા મહાપંચાયતનો નિર્ણય

પલવલ તા. ૨૬

નૂહને અડીને આવેલા પલવલના પોંડરી ગામમાં ઘણા હિન્દુ સંગઠનો દ્વારા બોલાવાયેલ મહાપંચાયતના નૂહના નલ્હાર મંદિરથી ફરીથી શોભાયાત્રા કાઢવાનો નિર્ણય લેવાયો છે.

હરિયાણાના નૂહમાં હિંસા બાદ ફરીથી બ્રજમંડળનું સરઘસ કાઢવાની તૈયારીઓ ચાલી રહી છે. પ્રાપ્ત માહિતી મુજબ હિન્દુ સંગઠન બ્રજમંડળ ૨૮ ઓગસ્ટે શોભાયાત્રા કાઢશે. જોકે વહીવટી તંત્ર દ્વારા આ શોભાયાત્રાને મંજૂરી આપવામાં આવી નથી. પ્રશાસને કોઈપણ પ્રકારની હિંસા અને અપ્રિય ઘટનાને ટાળવા માટે ૨૫ થી ૨૯ ઓગસ્ટ સુધી ઈન્ટરનેટ સેવા અને બલ્ક એસએમએસ પર પ્રતિબંધ મૂક્યો છે. આ દરમિયાન માત્ર કોલિંગ સેવા કાર્યરત રહેશે.

નુહ જિલ્લામાં કલેક્ટરે ૨૯ ઓગસ્ટ સુધી ઈન્ટરનેટ સેવા અને બલ્ક એસએમએસ બંધ રાખવા માટે હરિયાણાના ગૃહ વિભાગ, પંચકુલાના અધિક મુખ્ય સચિવને પત્ર લખ્યો છે. ડીસીએ કહ્યું છે કે ૨૯ઓગસ્ટ સુધી તમામ ઈન્ટરનેટ સેવાઓ બંધ કરી દેવી જોઈએ, જેથી કોઈ ભડકાઉ પોસ્ટ કે ભ્રામક પ્રચાર વાયરલ ન થઈ શકે. ૧૩ઓગસ્ટના રોજ, નૂહને અડીને આવેલા પલવલના પોંડરી ગામમાં ઘણા હિન્દુ સંગઠનો દ્વારા બોલાવવામાં આવેલી મહાપંચાયતમાં, નૂહના નલ્હાર મંદિરથી ફરીથી આ શોભાયાત્રા કાઢવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

## આફ્રિકાનાં મેડાગાસ્કરમાં દુર્ઘટના : ખેલ સમારોહમાં ભાગદોડ મચી જતાં ૧૨નાં મોત : ૮૦ ઘાયલ

મેડાગાસ્કર તા. ૨૬

આફ્રિકી દેશ મેડાગાસ્કરમાં મોટી દુર્ઘટના સર્જાઈ હતી. અહી આયોજિત ઈન્ડિયન ઓશિયન આઈલેન્ડ ગેમ્સના ઉદઘાટન સમારોહમાં ભારે નાસભાગ મચી ગઈ હતી જેમાં ૧૨ લોકોનાં મોત થયા છે. સ્થાનિક પોલીસ અધિકારીઓએ કહ્યું કે દુર્ઘટનામાં ૮૦થી વધુ લોકો ઘવાયા હતા જેમની સારવાર ચાલી રહી છે.

## કેનેડાનાં ઓસાવા શહેરમાં અમદાવાદનાં વૃધ્ધ પર છરાનાં ૧૭ ઘા ઝીંકાયા : આરોપીની ધરપકડ

ટોરન્ટો (કેનેડા),તા. ૨૬

કેનેડામાં બનેલી ઘટનામાં અમદાવાદના વૃદ્ધ પર કોઈ અજાણ્યા કેનેડીયન શખ્સે છરીના ૧૭ ઘા ઝીંકી દેતા ગંભીર ઘાયલ થયા છે. વૃદ્ધ પોતાની દોઢ વર્ષની પૌત્રીને સ્ટ્રોલર પર બેસાડીને ફરવા નીકળ્યા હતા ત્યારે આ બનાવ બન્યો હતો. દાદા ગંભીર ઘાયલ થયા હતા છતાં પૌત્રીને બચાવી લીધી હતી. હુમલાખોર હાલ પોલીસ કસ્ટડીમાં છે, આ ઘટનાથી આક્રોશ ફેલાયો છે.

પોલીસે પીડિતની ઔપચારીક ઓળખ કરી નથી. પરંતુ તેમના પુત્રએ જણાવ્યું હતું કે તેઓ ૬૬ વર્ષીય દિલીપકુમાર ધોલાણી છે અને તેઓ અમદાવાદના રહેવાસી છે. તેઓ ગ્રેટર ટોરોન્ટોના ઓસાવા શહેરમાં પુત્રના પરિવારને મળવા માટે આવ્યાં હતાં.

ધોલાણી તેમના નિત્યક્રમ મુજબ દોઢ વર્ષની પૌત્રી લઈને બહાર ફરવા નીકળ્યાં હતા ત્યારે આ હુમલો થયો હતો. ધોલાણી હાલમાં ટોરોન્ટોના ટ્રોમા સેન્ટરમાં છે, જયાં તેમની હાલત ગંભીર છે. તેમના પુત્ર દિનેશ ધોલાનીએ જણાવ્યું કે તેમના પિતા નસીબદાર હતાં કે તેઓ છરાના ૧૭ ઘા સહન કર્યા પછી બચી પણ શક્યા છે.

સ્થાનિક મીડિયા અહેવાલો અનુસાર વૃદ્ધ વ્યક્તિએ ખૂબ હિંમત દર્શાવી હતી અને જીવલેણ ઘા મારવામાં આવ્યા હોવા છતાં બાળકનું રક્ષણ કર્યું હતું. તેમણે બચાવો-બચાવોની બુમો પાડી હતી તથા પુત્રવધુ અને પાડોશી મદદ માટે ન આવે ત્યાં સુધી બાળકને છોડયું ન હતું. કથિત હુમલાખોરની ઓળખ ૨૦ વર્ષીય નોહ ડેનિયર તરીકે થઈ છે. આરોપી અગાઉ આ વિસ્તારમાં રહેતો હતો. તે પોલીસ કસ્ટડીમાં છે અને તેના પર હુમલો અને હથિયાર વડે હુમલો કરવાનો આરોપ મુકવામાં આવ્યો છે. કેસની તપાસ કરી રહેલા ડરહામ પોલીસ પ્રવક્તાએ જણાવ્યું હતું કે હુમલો રેન્ડમ હોવાનું જણાય છે. ડેનિયરને અગાઉથી અધિકારીઓ ઓળખતા હતાં. આ ઘટનાને લઈને કેનેડામાં રહેતા ભારતીય સમુદાય અને કેનેડામાં આક્રોશ ફેલાયો છે. દિનેશ ધોલાણીએ કહ્યું હતું કે ખુની હુમલો કર્યો હોવા છતાં ડેનિયરને જામીન મળી જશે. પરિવારને આ હુમલા પાછળના હેતુની પણ ખબર નથી.


**તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત**
**(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)**

**ડૉ. ધવલ સંઘવી**

બી.એ.એમ.એસ. (B.V.P.U.) Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩

**ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો**




**તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત**

વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક

**દરેક જગ્યાએ ઉપલબ્ધ**

કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી

**અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...**



**૧૦૦% નહીં ૧૫૦% ની મની ગેરંટી**

**૧૦૦% નહીં ૧૫૦% ની મની ગેરંટી સાથે સંપૂર્ણ આર્યુવેદિક ઔષધી યુક્ત ફાકી ડાયાબિટીસ, હૃદય રોગ, પેટના રોગો, વજન વધારે, પગના અને સ્નાયુના દુખાવા, સંધિવા, કબજિયાત, કોલેસ્ટ્રોલ માટે**

**ફાયદા :**

(૧) - ડાયાબીટીસ નાં દર્દીઓ માટે આ ફાકી સ્વર્ગ સમાન છે.. જેમાં આ ફાકી ૧.૫ માસ (દોઢ માસ), રેગ્યુલર લેવાથી ડાયાબટીસ સંપૂર્ણ કંટ્રોલ થઈ જાય છે. શરીરમાં તાજગી અને સ્ફૂર્તિનો નો અનુભવ થાય છે..

(૨) જે લોકોનું વજન ખૂબ વધારે છે તે લોકો આ ફાકી બે મહિના રેગ્યુલર લેવાથી ૧૦૦% વજન ઘટે છે તેની મની બેક ગેરંટી, આ ફાકી લેવાથી કોઈપણ જાતની આડઅસર થતી નથી, ચરબી ઓગળી નાખે છે. અને શરીરમાં તાજગી અને સ્ફૂર્તિનો અનુભવ થાય છે. શરીર સ્લિમ થઈ જાય છે.

(૩) જે લોકોને વર્ષો જૂની કબજિયાત છે, ગેસ, એસિડિટી, પાચનતંત્ર નબળુ હોય, તે લોકો આ ફાકી ફક્ત એક મહિનામાં પોતાની કમાલ દેખાડે છે..

(૪) જે લોકોને ગોઠણના પગના સાંધાના દુઃખાવા, થોડું ચાલવાથી થાક લાગવો, કમરના દુખાવા કે કોઈપણ જાતના શરીરમાં દુખાવો આ ફાકી એક મહિનો લેવાથી તેમની દર્દ પીડા દૂર થાયછે..

**નોંધ : આ ફાકીમાં સ્ટીરોડ કે પેઈન કિલર દવાનો ઉપયોગ કરવામાં આવતો નથી.**
**આ ફાકીનું રીઝર્ટ એક મહિનામાં મળશે**

**:: ફોન કરવા માટેનો સમય ::**

**સવારે ૧૦ થી ૧:૩૦ સુધી - સાંજે ૫ થી. ૮:૩૦ સુધી જ**

**૧૫ દિવસ ની ફાકી ની કિંમત ૨૨૫/-**
**૧ મહિનાની ફાકી ની કિંમત ૪૫૦/-**

ફાકી લેવાની રીત :- સવારે નવશેકા પાણીમાં એક ચમચી લઈ શકાય... (આ આર્યુવેદીક ફાકી લેવાથી કોઈપણ જાતની આડઅસર થતી નથી.)

**આ ફાકી અન્ય કોઈ જગ્યાએ મળશે નહી**

**સંપર્ક : મો. ૯૩૭૬૬ ૦૫૫૬૨**
**જૂનાગઢ**



**શરીરના બધા અંગોની કેન્સરની સર્જરી વોકહાર્ટ હોસ્પિટલ્સમાં**

પ્રધાનમંત્રી આયુષ્યમાન યોજનામાં આ સારવાર વિનામૂલ્યે ઉપલબ્ધ છે.

વધુ માહિતી માટે :
95861 44344

WOCKHARDT HOSPITALS | LIFE WINS
એમ.એમ. વિરાણી વોકહાર્ટ હોસ્પિટલ્સ, રાજકોટ





## મારી માટી મારો દેશ અભિયાનના રંગે રંગાયા જૂનાગઢવાસીઓ

# જૂનાગઢ જીલ્લામાં ૫૨૫ શીલાફલકમનું અનાવરણ કરાયું : ૩૩,૬૬૦ લોકોએ સેલ્ફી અપલોડ કરી

### વસુધા વંદન કાર્યક્રમ થકી જીલ્લામાં ૪૨,૪૮૨ વૃક્ષોનું વાવેતર કરાયું : ૭૧,૮૮૭ લોકોએ પંચ પ્રાણ પ્રતિજ્ઞા અને રાષ્ટ્રગાનમાં ઉપસ્થિત રહી અભિયાનને સાર્થક બનાવ્યું

જૂનાગઢ, તા.૨૬

આઝાદી કા અમૃત મહોત્સવ અન્વયે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા શહીદોનું સન્માન કરવા તેમજ તેમને યાદ કરવા માટે 'મેરી મિટ્ટી મેરા દેશ' અભિયાનની સમગ્ર દેશમાં શરૂઆત તા. ૯ ઓગસ્ટના રોજ કરવામાં આવી છે. જે અંતર્ગત દેશભરમાં અને ગુજરાત સહિત સમગ્ર જૂનાગઢ જિલ્લામાં "મારી માટી મારો દેશ" અભિયાનની ઉજવણી કરવામાં આવી હતી.

જૂનાગઢ જિલ્લામાં તા. ૯ થી ૨૦ ઓગષ્ટ સુધી ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાં મારી માટી મારો દેશ અભિયાન હેઠળ વિવિધ કાર્યક્રમો યોજાયા હતા. જેમાં ૭૧ હજારથી વધુ લોકોએ જોડાઈને પોતાની દેશભક્તિની ભાવના ઉજાગર કરી અભિયાનને સફળ બનાવ્યું છે.

જૂનાગઢ જિલ્લામાં તા. ૯ થી ૨૦ ઓગષ્ટ દરમ્યાન યોજાયેલ મારી માટી મારો દેશ કાર્યક્રમ જિલ્લામાં ૪૯૩ ગ્રામ પંચાયતો, ૯ તાલુકા પંચાયતો, ૧ મહાનગરપાલિકા અને ૭ નગરપાલિકાઓ સ્તરે ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. જે અંતર્ગત ૫૨૫ શિલાફલકમનું સાંસદ, ધારાસભ્યશ્રી અને મહાનુભાવોના હસ્તે અનાવરણ કરવામાં આવ્યું છે. જિલ્લામાંથી ૩૩,૬૬૦ જેટલી સેલ્ફી અપલોડ કરી દેશપ્રેમની ભાવના વ્યક્ત કરવામાં આવી છે. જયારે ૭૧,૮૮૭ જેટલાં નાગરિકોએ આ અભિયાન હેઠળ વડાપ્રધાનશ્રી દ્વારા આપવામાં આવેલ પંચ પ્રાણ પ્રતિજ્ઞાના શપથ લીધા છે. 'મારી માટી મારો દેશ' કાર્યક્રમ અન્વયે ૬૧૮ અમૃત વાટિકા અને ૪૨,૪૮૨ રોપા ઉછેર કરી પર્યાવરણ સંરક્ષણનું સુંદર કામ કરવામાં આવ્યું છે. તો જિલ્લાના શહીદવીરોના પરિવારજનોનું સન્માન કરી તેમને શ્રધ્ધાસુમન અર્પણ કરવામાં આવ્યા છે. 'મારી માટી મારો દેશ' કાર્યક્રમ અંતર્ગત દેશની સુખ, શાંતિ અને સમૃદ્ધિના પ્રતિક સમો તિરંગો ધ્વજ ફરકાવી રાષ્ટ્રગાન ગાવામાં આવ્યું હતું. જેમાં ૭૨,૧૫૪ જેટલા નાગરિકોએ ભાગ લઈ રાષ્ટ્રગાન કર્યું હતું. આમ, સમગ્ર જૂનાગઢ જિલ્લામાં 'મારી માટી મારો દેશ' કાર્યક્રમ જનભાગીદારી થકી દેશભક્તિના માહોલમાં સફળતાપૂર્વક મનાવવામાં આવ્યો હતો.

# રક્ષાબંધન તેમજ જનોઈ બદલવા માટે જૂનાગઢના જયોતિષી દિનેશભાઈ અનંતરાય ભટ્ટનું મંતવ્ય

### આ વર્ષે પુનમ ૧૦:૫૯ મીનીટ પછી શરૂ થાય છે ત્યારબાદ રક્ષાબંધન પર્વ તેમજ જનોઈ બદલાવવી : આખો દિવસ કોઈ શંકા-કુશંકા વિના આ પર્વ ઉજવવું

આગામી તા.૩૦/૮/૨૦૨૩ને બુધવારે રક્ષાબંધન પર્વ તેમજ જનોઈ બદલવાનું છે. આ દિવસે શ્રાવણ સુદ ચૌદશ છે. પુનમનો ભાગ સવારે ૧૦ કલાકને ૫૯ મીનીટ પછી શરૂ થાય છે. આ દિવસે વ્રતની પુનમ પણ મનાવવામાં આવશે.

આગામી રક્ષાબંધન શ્રાવણ સુદ ચૌદશ બુધવારે તા.૩૦/૮/૨૦૨૩ના રોજ લોકોએ આનંદ અને ઉત્સાહથી રક્ષાબંધનનું પર્વ ઉજવવું. હમણા થોડા વર્ષથી રક્ષાબંધન પર્વમાં મત મતાંતરના કારણે લોકો ભ્રમિત થાય છે. રક્ષાબંધનના પર્વમાં દર વર્ષે વિષ્ટિ (ભદ્રા) વિષે મોટા ભાગના લોકો વિષ્ટિ (ભદ્રા)ના સમયે રક્ષાબંધન ન મનાવું તેમ કહે છે.

વર્ષોથી રક્ષાબંધનનું પર્વ ઉજવાય છે. હમણા થોડા વર્ષથી ટીવી તેમજ અખબારોમાં જુદા જુદા લોકો લખે છે કે વિષ્ટિ (ભદ્રા)માં રક્ષાબંધન ન મનાવવું પરંતુ વર્ષો પહેલા ટીવી તેમજ અખબારોમાં આ બધુ ન આવતું અને લોકો રક્ષાબંધનનું પર્વ આનંદ અને ઉત્સાહથી મનાવતા હતા. કોઈ જાતની શંકા કે કુશંકા કરતા નહી. મારા અનુભવ પ્રમાણે રક્ષાબંધનનું પર્વ તા.૩૦/૮/૨૦૨૩ને બુધવારે શ્રાવણ સુદ ચૌદશના દિવસે આખે આખો પૂરો દિવસ રક્ષાબંધન મનાવવું.

ગત સાલ તા.૧૧/૮/૨૦૨૨ના રોજ ગુરૂવારે વિષ્ટિ (ભદ્રા) રાત્રે ૮ કલાક ૫૩ મીનીટ સુધી આ યોગ હતો. આમ ગત સાલ પણ વિષ્ટિ (ભદ્રા) હોવા છતાં લોકોએ દિવસના ભાગે ધામધુમ પૂર્વક રક્ષાબંધનનું પર્વ ઉજવેલું. આમ જુદા જુદા વર્ષોમાં વિષ્ટિ (ભદ્રા) આવતા હોય છે તેના અનેક ઉદાહરણો મારી પાસે છે. ભુતકાળમાં વિષ્ટિ (ભદ્રા)ના સમયે લોકોએ ધામધુમ પૂર્વક રક્ષાબંધનનું પર્વ ઉજવેલું હતું.

રક્ષાબંધન ભાઈ-બહેનનો પવિત્ર તહેવાર છે. લોકો વર્ષોથી કોઈપણ શંકા કે કુશંકા વિના ઉજવતા હતા. ચાલુ વર્ષે પણ લોકોએ આ પર્વ આનંદ, ઉત્સાહ પૂર્વક ઉજવવું કોઈ શંકા કે કુશંકા કરવી નહી.

બ્રાહ્મણો જનોઈ શ્રાવણ સુદ પૂનમના દિવસે બદલાવે છે. આ વર્ષે તા.૩૦/૮/૨૦૨૩ના રોજ બુધવારે મધ્યાન વ્યાપિની પૂનમ બુધવારે હોવાથી આ દિવસે જનોઈ બદલવી.

-:: જયોતિષી ::-
**દિનેશકુમાર અનંતરાય ભટ્ટ**
પંચહાટડી ચોક, શારદા શેરી, જૂનાગઢ
મો.નં.૯૪૨૮૩ ૭૩૪૪૧/ ૯૮૨૪૪ ૨૨૨૮૦

# ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી દ્વારા "G20 and PM's Vision: Young India, Strong India" થીમ ઉપર માહિતીપ્રદ સેમીનાર યોજાયો

### G20ની યજમાનીને કારણે ભારતમાં છેવાડાના માણસના કલ્યાણનો માર્ગ મોકળો બન્યો છે : કલેકટર અનિલકુમાર રાણાવસિયા



જૂનાગઢ, તા.૨૬

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી જૂનાગઢ દ્વારા આજરોજ **G20 and PM's Vision: Young India, Strong India"** થીમ ઉપર માહિતીપ્રદ સેમીનાર યોજાયો હતો. જેમાં મુખ્ય વક્તા તરીકે બોલતા જૂનાગઢના કલેકટર અનિલકુમાર રાણાવસિયાએ જણાવ્યું હતું કે આજના વૈશ્વિકરણમાં દુનિયાના કોઈ એક દેશમાં બનતી ઘટનાની અસર અન્ય દેશો ઉપર પણ ઝડપથી પડે છે ત્યારે જી૨૦ની યજમાનીને કારણે ભારતમાં છેવાડાના માણસના કલ્યાણનો માર્ગ મોકળો બન્યો છે. સમગ્ર વિશ્વના દેશો ભારતને વિશ્વગુરૂ તરીકે સ્વિકારવા લાગ્યા છે ત્યારે ભારતના માન અને આબરૂ ટોચના સ્થાને છે. ભારતના ભવ્ય સાંસ્કૃતિક વારસાએ દુનિયાના અન્ય દેશોને પણ પ્રેરણારૂપ સંસ્કારોથી અવગત કર્યા છે. કલેકટરે ડીજીટલ ઈન્ડિયા, ઓનલાઈન પેમેન્ટ, સસ્તો મોબાઈલ ડેટા, ટ્રાન્સપોટેશનની સગવડ, ઈન્ફ્રાસ્ટ્રકચર ડેવલપમેન્ટ, મેઈક ઈન ઈન્ડિયા કન્સેપ્ટ વગેરે વિષે પણ વિસ્તૃત માહિતી આપી હતી. વકતવ્યને અંતે વિદ્યાર્થીઓ સાથે રસપ્રદ પ્રશ્નોતરી પણ કરવામાં આવી

### વિદ્યાર્થીઓ સાથે પ્રશ્નોતરીરૂપે જૂનાગઢના કલેકટરે રસપ્રદ સંવાદ પણ કર્યો

હતી. જેમાં સ્ત્રીસશક્તિકરણ, યુ.પી.એસ.સી.જેવી સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી, માનસિક અને શારીરિક રીતે ફીટનેશનું મહત્વ, સેલ્ફ ડીસીપ્લીન, દેશનો વિકાસ વગેરે સંદર્ભે કલેકટરે ઉપયોગી ઉતરો આપ્યા હતા.

અધ્યક્ષસ્થાનેથી બોલતા ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીના કુલપતિશ્રી પ્રો.(ડો.) ચેતનભાઈ ત્રિવેદીએ જણાવ્યું હતું કે, પરંપરાગત જુનવાણી માનસિકતામાંથી બહાર નીકળી નવા વિચારો સાથે પરિવર્તિત થવું તે જ 'નયા ભારત બદલતા ભારત'ની સાચી નિશાની છે. દેશના વિકાસમાં રાજકીય અભિગમ, કર્મચારીઓનો એપ્રોચ તથા લોકભાગીદારી અતિ મહત્વના હોવાનું તેઓએ જણાવ્યું હતું. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના 'પંચપ્રણ પ્રકલ્પ'ને કુલપતિએ નવા ભારતનો અને આઝાદીના અમૃતકાળનો સાચો મંત્ર ગણાવ્યો હતો. યુનિવર્સિટીના કુલસચિવ ડો.ડી. એચ. સુખડીયાએ કુલપતિનું સ્વાગત કર્યું હતું.

યુનિવર્સિટી ગાનથી શરૂ થયેલ સેમિનારમાં મહેમાનોનો પરિચય અને શાબ્દિક સ્વાગત અંગ્રેજી ભવનના અધ્યક્ષ પ્રો.(ડો.) ફિરોઝ શેખે કર્યું હતું અને અંતમાં આભારવિધિ સમાજશાસ્ત્ર ભવનના અધ્યક્ષ પ્રો.(ડો.)જયસિંહ ઝાલાએ કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સફળતાપૂર્વક સંચાલન એન.એસ.એસ. કોઓર્ડીનેટર અને યુનિવર્સિટીના જી૨૦ના નોડલ ઓફિસર ડો.પરાગ દેવાણીએ કર્યું હતું. રાષ્ટ્રગીત સાથે સેમિનારનું સમાપન થયું હતું.

# જૂનાગઢ એસબીઆઈ આરસેટી ખાતે ટુ-વ્હીલર મિકેનિકલ અને ઘરેણું વિદ્યુત ઉપકરણના વિનામૂલ્ય તાલીમ વર્ગ યોજાશે

### ૧૮ થી ૪૫ વર્ષના જૂનાગઢ અને ગીર સોમનાથ જીલ્લાના ગ્રામ્ય વિસ્તારના ભાઈઓ ભાગ લઈ શકશે

જૂનાગઢ, તા.૨૬

જૂનાગઢ એસબીઆઈની ગ્રામીણ સ્વરોજગાર તાલીમ સંસ્થા દ્વારા યુવાનો પોતાનો ધંધો વ્યવસાય શરૂ કરી અને પગભર બની શકે તે માટે ૧૮ થી ૪૫ વર્ષના યુવાનો માટે ૩૦ દિવસની ટુ-વ્હીલર મિકેનિકલ અને ઘરેણું વિદ્યુતઉપકરણના તાલીમ વર્ગનું આયોજન કરવામાં આવ્યું છે. આ તાલીમ તા.૧૯/૯/૨૦૨૩થી શરૂ કરવામાં આવશે. જેમાં સંસ્થામાં રોકાવું ફરજિયાત છે. તાલીમમાં રહેવાનું, જમવાનું અને તાલીમ વિનામૂલ્ય આપવામાં આવશે અને ભારત સરકાર માન્ય એનએસયુએફ સર્ટીફીકેટ અને સબસીડીવાળી લોનના લાભ અંગે માર્ગદર્શન પણ આપવામાં આવશે.

આ તાલીમ જૂનાગઢ બીલખા રોડ ઉપર આવેલ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનની બાજુમાં એસબીઆઈ ગ્રામીણ સ્વરોજગાર તાલીમ સંસ્થામાં લેવામાં આવશે. તાલીમમાં જોડાવા માંગતા યુવાનોએ પાસપોર્ટ સાઈઝના ૩ ફોટા, આધાર કાર્ડ, રેશનકાર્ડ, માર્કશીટ/શાળા છોડયાનું પ્રમાણપત્ર, બેંક પાસબુકની નકલ સહિતના ડોક્યુમેન્ટની ઝેરોક્ષ ફરજિયાત લાવવાની તથા ઓરીજનલ ડોક્યુમેન્ટ સાથે રાખવાના રહેશે. આ તાલીમમાં ભાગ લેવા માટે સોમ થી શનિ સવારે ૧૦થી ૫ વાગ્યા સુધીમાં ૯૯૦૪૬ ૪૬૪૬૬ નંબર ઉપર સંપર્ક કરવા જણાવ્યું છે.

# જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી દ્વારા શ્રમયોગીને આર્થિક સાંત્વના



જૂનાગઢ, તા.૨૬

કૃષિ યુનિવર્સિટી પરિવારે આર્થિક સહાયરૂપે શ્રમયોગીની પત્નીને રૂા.૧,૮૮,૧૨૦ની સહાય કરી. જૂનાગઢ તા.૨૫ જુલાઈ-૨૦૨૩ માસમાં જૂનાગઢમાં જળ હોનારત થયું હતું. જેમાં જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીની સ્થાયી મિલકતને માતબાર નુકસાન થયાની સાથે સાથે એક જાનહાની પણ યુનિવર્સિટીએ ભોગવી છે. સ્વ.સુરેશભાઈ ખીમાભાઈ વાળોદરા યુનિવર્સિટીના શ્રમયોગીનું આકસ્મિક રીતે દુઃખદ અવસાન થયું હતું. જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના કુલપતિની પ્રેરણાથી કૃષિ યુનિવર્સિટી જરૂરિયાતમંદ દર્દી અને પરિવારોને માનવતાના કાર્યોમાં આર્થિક યોગદાન આપી સહભાગી બની રહેવા હરહમેશ તત્પર રહે છે. જેના ભાગરૂપે આકસ્મિક રીતે દુઃખદ અવસાન પામેલ સ્વ.સુરેશભાઈ ખીમાભાઈ વાળોદરાના પત્ની ગં.સ્વ.હંસાબેન સુરેશભાઈ વાળોદરાના પરિવાર ઉપર આવી પડેલ આફતમા આર્થિક મદદરૂપ થવા જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના પરિવારે આર્થિક સહાય રૂપે રૂપિયા ૧,૮૮,૧૨૦ કુલપતિ ડો.વી.પી.ચોવટીયા તેમજ યુનિવર્સિટી અધિકારીઓના હસ્તે આપવામાં આવ્યા હતા.

# ગુજરાત કોન્ટ્રાકટર્સ એસોસિએશનની સરકારે સ્વીકારેલ માંગણીઓનો તાત્કાલિક અમલ નહીં થાય તો જલદ પગલાં લેવાશે

### રાજ્યમાં ઓગષ્ટ મહિનામાં ટેન્ડર નહિ ભરવાના નિર્ણયને કારણે અંદાજે રૂા. ૮૦૦૦ કરોડના ૨૪૦૦ વિકાસલક્ષી કામો અટકયા

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ, તા. ૨૬

ગુજરાત કોન્ટ્રાકટર્સ એસોસિએશનની સરકારે માર્ચ ૨૦૨૨માં સ્વીકારેલ માંગણીઓનું અમલીકરણ છેલ્લા ૧૮ માસથી કરવામાં આવતું ના હોવાથી ગુજરાતના તમામ કોન્ટ્રાકટરોએ તા.૧-૮-૨૦૨૩થી અચોક્કસ મુદત સુધી ગુજરાત રાજયના તમામ વિભાગોના ટેન્ડરો નહિ ભરવાનો નિર્ણય કર્યો છે, અને આ નિર્ણયનો ચુસ્ત અમલ ગુજરાત કોન્ટ્રાકટર્સ એસોસિએશનના તમામ કોન્ટ્રાકટરો દ્વારા કરવામાં આવ્યો છે. આ અંગે છેલ્લા એક મહિનામાં બે વાર લેખિત રજુઆતો તા.૨૫-૭-૨૦૨૩ અને ૧૩-૮-૨૦૨૩ના રોજ માનનીય મુખ્યમંત્રી તથા સંબંધિત સચિવો સમક્ષ કરવામાં આવી છે, અને રાજયના જુદા-જુદા જીલ્લાના સ્થાનિક કલેકટરોને પણ આ અંગે આવેદનપત્રો આપવામાં આવ્યા છે. તેમ છતાં આજદિન સુધી સરકાર તરફથી કોઈપણ પ્રકારનો સકારાત્મક પ્રતિભાવ સાંપડ્યો નથી. આધારભૂત માહિતી અનુસાર હાલમાં ગુજરાત રાજ્યના અંદાજે ઈજ ૮૦૦૦ કરોડના ૨૪૦૦ કામોના ટેન્ડરોની જાહેરાતના તબક્કે છે. જે ગુજરાત રાજ્યના કોન્ટ્રાકટરો દ્વારા ટેન્ડર નહિ ભરવાના નિર્ણયને કારણે સમગ્ર રાજ્યના વિકાસલક્ષી કામો ખોરંભે પડેલ છે. ગુજરાત કોન્ટ્રાકટર્સ એસોસિએશનની વારંવારની સરકાર સમક્ષ રજૂઆતો કરવા છતાં આ અંગે સરકાર એસોસિએશનની વ્યાજબી માંગણીઓના અમલીકરણ બાબતે સંવેદનશીલ જણાતી નથી.

ગુજરાત કોન્ટ્રાકટર્સ એસોસીએશન જણાવે છે કે, સરકાર તરફથી અમારા પ્રતિનિધિઓ સાથે રૂબરૂ ચર્ચા કરી અમલીકરણ બાબતે કોઈ હકારાત્મક પગલાં લેવામાં આવ્યા નથી. તેથી એસોસીએશન દ્વારા ટૂંકસમયમાં તમામ કોન્ટ્રાકટર ભાઈઓની એક મીટીંગ બોલાવવાનું આયોજન કરવામાં આવેલ છે, અને આ મીટીંગમાં એસોસિએશનની વ્યાજબી માંગણીઓના અમલીકરણ અંગે આગળ જલદ પગલાં લેવા અંગેનો નિર્ણય લેવામાં આવશે.

## ઉના મહિલા આર્ટસ કોલેજમાં સાડી પરિધાન દિવસની ઉજવણી



(પ્રતિનિધિ દ્વારા) ઉના, તા.૨૬

ભારતીય સંસ્કૃતિને ઉજાગર કરવાના હેતુથી અને પવિત્ર શ્રાવણ માસની આરાધના અંતર્ગત મહિલા કોલેજમાં અભ્યાસ કરતી દિકરીઓએ સાડી પરિધાન કરી ભારતીય સંસ્કૃતિને ઉજાગર કરી હતી અને ઉત્સાહ અને ઉમંગથી ઉજવણી કરી હતી. આ ઉજવણીમાં પ્રિન્સિપાલ ડો.લલિત એમ.બારૈયા તેમજ પ્રાધ્યાપક સ્ટાફ સહભાગી બની દિકરીઓને અભિનંદન અને શુભેચ્છા આપી હતી.

## સરકારી આર્ટ્સ અને કોમર્સ કોલેજ વંથલીમાં યુવા સહકારી તાલિમ યોજાઇ



(પ્રતિનિધિ દ્વારા)

વંથલી, તા.૨૬

સરકારી કોલેજ વંથલીના અર્થશાસ્ત્ર વિભાગ, સામુદાયિક સેવાધારા તથા જૂનાગઢ જિલ્લા સહકારી સંઘના સંયુક્ત ઉપક્રમે કોલેજમાં એક અઠવાડિયાની યુવા સહકારી તાલિમ યોજાઈ. કુલ ૪૦થી વધુ વિદ્યાર્થીઓએ તાલિમ મેળવી. તાલિમમાં આચાર્ય ડો.આર. કે. ડોડીયા તેમજ ડો.દીપિકાબેન દવેએ પ્રેરણા અને માર્ગદર્શન પૂરા પાડ્યા. ટ્રેનર અશ્લેષભાઈ ત્રિવેદી હતા. સમગ્ર તાલિમનું આયોજન ડો. કપિલ ઘોસિયાએ કર્યું. તાલિમના અંતે સહકાર વિષયની વકતૃત્વ સ્પર્ધા યોજાઈ જેમાં પ્રથમ ક્રમ વણપરિયા જીગર, બીજો ક્રમ ખાણિયા જયેશ અને ત્રીજો ક્રમ વાઢિયા પાયલે મેળવ્યો. ડો.બી. એમ. બાંભણિયા અને ડો.ડી. યુ. રાઠોડ વકતૃત્વ સ્પર્ધામાં નિર્ણાયક તજજ્ઞ રહ્યા હતા. તાલિમના ભાગરૂપે ૩૫ જેટલા વિદ્યાર્થીઓ તેમજ સ્ટાફે સાવજ સહકારી ડેરી-વંથલીની મુલાકાત લીધી હતી.

## કેશોદ એસ.ટી.બસ સ્ટેન્ડથી મેસવાણાના ૬૫ વર્ષના કારાભાઈ ગુમ

જૂનાગઢ તા.૨૫

કેશોદ તાલુકાના મેસવાણ ગામે રહેતા ૬૫ વર્ષના કારાભાઈ ડાયાભાઈ ભંભાણા તા.૧૮/૦૭/૨૦૨૩ને ૧૨ વાગ્યા પછી કેશોદ એસ.ટી.બસ સ્ટેન્ડથી ગુમ થયા છે. તેમની ઉંચાઈ ૫.૯ ફુટ, બાધો મધ્યમ અને રંગ શ્યામ છે. તેમના ડાબા હાથમાં સળિયા હતા અને એક હાથમાં ક્રિષ્ના ભગવાનનું ચીત્ર ત્રોફાવેલ છે. ગુમ થયા ત્યારે સફેદ શર્ટ પહેર્યો છે. તેઓ ગુજરાતી ભાષા જાણે છે. કારાભાઈની કોઈને ભાળ મળે તો નજીકના પોલીસ સ્ટેશનમાં જાણ કરવા કેશોદ પોલીસે જણાવ્યું છે.

# ઉનામાં મોટર સાયકલ ચોરી સહિત અનેક ચોરીમાં સંડોવાયેલ રીઢો ગુનેગાર ઝડપાયો

(પ્રતિનિધિ દ્વારા)

ઉના, તા.૨૬



ઊનામાં થયેલ ચોરીના ગુનાઓના ભેદ ઉકેલવા માટે ઊનાના પોલીસ ઈન્સ્પેકટર એન.કે. ગૌસ્વામીના માર્ગદર્શન હેઠળ ઊના પોલીસ સ્ટેશનની સર્વલન્સ સ્કવોડના પી.એસ. આઈ.સી.બી. જાડેજા, એએસ આઈ.ડી.એમ. પરમાર, તથા રાહુલભાઈ નારણભાઈ છેલના, કૌશિકસિંહ અરસીભાઈ વાળા, નલીનભાઈ બાલાભાઈ સોલંકી અને સ્ટાફે બાતમી મળતા ઊનાના કોર્ટ વિસ્તારમાં રહેતો અને ચોરી કરવાની ટેવ વાળો રીઢો ગુનેગાર રહીમ ઊર્ફે પોચો હમીદભાઈ મુન્સી ઉંમર વરસ ૪૦ એક એક્ટિવા સ્કૂટર નંબર **GJ** ૧૧ **AF** ૧૨૪૩ ઉપર એક એલ.પી.જી. ગેસનો લાલ કલરના બાટલા સાથે નીકળતા તેને રોકવી સ્કૂટરના કાગળો માંગતા ના બતાવતા ઊના પોલીસ સ્ટેશને લાવી આગવી પૂછ પરછ કરતા તે ચોરાઉ હતી અને વધુ બે મોટર સાયકલ નંબર પ્લેટ વગરની કાઢી આપતા કુલ ત્રણ વાહનો અને ગેસનો બાટલો મળી કુલ રૂપિયા ૫૯૦૦૦/નો મુદામાલ કબજે કરી ઊના પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ ચોરીના ગુનાનો ભેદ ઉકેલી સફળતા મેળવી હતી. આ રીઢો ગુનેગાર રહીમ અગાઉ ૭ ચોરીના ગુના અને દારૂ બંધીના બે ગુના અને પશુ ઘાતિકી એકટ અત્યાચારના બે ગુના દાખલ થયેલા હતા. પોલીસે તેમની પાસેથી વધુ ચોરીના ગુનાઓના ભેદ ઉકેલવા તપાસ હાથ ધરી છે.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

## તંત્રી લેખ

# ચાર દાયકાથી પણ વધુ સમયથી દબાયેલ મુરાદાબાદનું સત્ય

ઉત્તર પ્રદેશની યોગી આદિત્યનાથ સરકારે ચાર દાયકાથી પણ વધુ સમયથી દબાયેલ પડેલા મુરાદાબાદ રમખાણોનો તપાસ રિપોર્ટ જાહેર કરીને એક દૃષ્ટાંત રજૂ કર્યું છે. ૧૩ ઓગસ્ટ, ૧૯૮૦ની સવારે મુરાદાબાદમાં ઈદની નમાજ બાદ જે રમખાણો ફાટી નીકળ્યાં હતાં, તેમાં કુલ ૮૪ લોકો માર્યા ગયા હતા અને ૧૧૨ લોકો ઘાયલ થયા હતા. રમખાણોની શરૂઆત એ અફવાથી થઈ હતી કે નમાજીઓ વચ્ચે પ્રતિબંધિત પશુ ધકેલી દેવામાં આવ્યાં છે અને ઈદગાહમાં મોટી સંખ્યામાં મુસલમાનોને મારી નાખવામાં આવ્યા, જેમાં બાળકો પણ છે. એનાથી મુસ્લિમોમાં આક્રોશ ફેલાઈ ગયો અને તેમણે થાણાં, પોલીસ ચોકીઓ અને હિંદુઓ પર હુમલો કરી દીધો. પરિણામ વીસ જગ્યાઓ પર રમખાણો ફાટી નીકળ્યાં હતાં. ત્યારે ઉત્તર પ્રદેશમાં વિશ્વનાથ પ્રતાપ સિંહના નેતૃત્વમાં કોંગ્રેસની સરકાર હતી. તેમણે જ રમખાણોની તપાસ માટે ન્યાયમૂર્તિ એમ.પી. સક્સેના આયોગની રચના કરી હતી. આયોગે નવેમ્બર ૧૯૮૩માં પોતાનો રિપોર્ટ સોંપી દીધો હતો. ત્યારથી પ્રદેશમાં ૧૫ મુખ્યમંત્રીઓ આવ્યા અને ગયા, પરંતુ કોઈએ તપાસ રિપોર્ટ જાહેર કરવાનું સાહસ ન દેખાડ્યું. આ દરમ્યાન મંત્રીમંડળ પાસેથી આ રિપોર્ટ સદનમાં રજૂ કરવાની મંજૂરી ૧૪ વાર માંગવામાં આવી હતી, જે ન મળી.

તેનું કારણ એ હતું કે એ રમખાણો પાછળ મુસ્લિમ લીગના એક નેતા અને તેના સમર્થકોનો હાથ હતો, પરંતુ મુસ્લિમોને વોટબેંક તરીકે ઉપયોગ કરનારા જાણીજોઈને આ સત્યને ઢાંકી રાખવા માંગતા હતા! ખબર એ પડે છે કે મુસ્લિમ લીગના એ નેતાએ ચૂંટણીઓમાં હાર મળતાં પોતાના લોકોની સહાનુભૂતિ હાંસલ કરવા માટે તોફાનો ભડકાવવાનું ષડયંત્ર રચ્યું હતું. ષડયંત્ર અંતર્ગત જ હિંસાથી એક દિવસ પહેલાં બે ખોટી એફઆઈઆર નોંધવામાં આવી હતી, જેનો મકસદ વાલ્મીકિ સમાજ અને શીખ સમાજને ફસાવવાનો હતો. રિપોર્ટ દર્શાવે છે કે રમખાણોમાં ના તો ભાજપ અને રાષ્ટ્રીય સ્વયંસેવક દળનો હાથ હતો, ના કોઈ સરકારી અધિકારી કે કર્મચારીનો. સામાન્ય હિંદુ અને સામાન્ય મુસલમાન પણ તેના માટે જવાબદાર ન હતા. તેનો નિષ્કર્ષ બહુ જ અર્થપૂર્ણ છે કે દરેક સમાજમાં કેટલાંક સમાજ વિરોધી તત્ત્વ હોયછે, જે પોતાનો જૂનો દ્વેષનો હિસાબ કરવા માટે અને સ્થિતિ બગાડવા માટે ગમે તેવાં કાવતરાં રચે છે. મુરાદાબાદ હિંસાના ચાર દાયકાથી પણ વધુ સમય બાદ દેશમાં એ પ્રકારે બેશક રમખાણો નથી ફેલાતાં, પરંતુ સમાજમાં વૈમનસ્ય ફેલાવનારા લોકો એવી જ રીતે સક્રિય છે. રેકોર્ડ રૂમમાંથી શોધીને આ રિપોર્ટ જાહેર કરવાની તત્પરતા દેખાડવા માટે યોગી સરકાર તો પ્રશંસાની હકદાર છે જ, આશા રાખવી જોઈએ કે નફરત અને હિંસા ચાલુ રહેવાના આ દોરમાં આ રિપોર્ટ આપણને સજાગ પણ કરશે.

## ખેલ સહાયક માટે અનામત કેટેગરીની વયમાં છૂટછાટ આપવા માંગણી કરાઈ

અમદાવાદ, તા. ૨૬ : રાજ્યમાં આવેલી સરકારી પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક સ્કૂલોમાં સરકાર દ્વારા ખેલ સહાયકની નિમણુંક કરવામાં આવનાર છે. જોકે, ખેલ સહાયક બનવા માટે ઉમેદવારોની નિરસતાને જોતા યુવક કોંગ્રેસ દ્વારા ફરી અનામત પ્રમાણે ઉંમરમાં છુટછાટ આપવા માટે માગ કરી છે. અગાઉ પણ માંગ કરાઈ હતી, પરંતુ સરકારે અનામતના બદલે તમામ કેટેગરી માટે ઉંમરમાં છુટછાટ આપી હતી. જોકે, અનામત માટે છુટછાટ આપવામાં આવે તો હજુ વધુ ઉમેદવારો પરીક્ષા માટે નોંધાઈ શકે તેમ હોવાનું જાણવા મળે છે. પ્રાપ્ત માહિતી અનુસાર, રાજ્ય સરકાર દ્વારા સરકારી સ્કૂલોમાં ૩૦૦ કે તેના કરતા વધુ સંખ્યામાં વિદ્યાર્થીઓ હોય ત્યાં ખેલ સહાયકની નિમણુંક કરવાની જોગવાઈ કરવામાં આવી છે. ખેલ સહાયકની નિમણુંક માટે રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા સ્પોર્ટ્સ એપ્ટીટ્યુડ ટેસ્ટ લેવાનું આયોજન કરાયું છે અને તેના માટે ઓનલાઈન ફોર્મ ભરવાની કાર્યવાહી પણ પૂર્ણ થઈ ચૂકી છે.

## આપની આવતીકાલ કેવી જશે...?

**:: રત્નકણીકા ::**

યજ્ઞ, દાન અને તપ ગમે તેટલા કરો પરંતુ શ્રધ્ધા વગર તે નકામા છે

- શ્રીમદ્ ભગવત ગીતા

**: આજનું પંચાંગ :**

વિક્રમ સં. ૨૦૭૯, શા. શાકે. ૧૯૪૫, પા.ફરવરદીન-૧૩૯૩, મુ. સફર-૧૪૪૫, જૈન વીર સં.-૨૫૪૯, કચ્છી સં. ૨૦૮૦, શ્રાવણ સુદ-૧૦ અશ્વત્થ મારૂતિ પૂજન તા. ૨૬ ઓગષ્ટ ૨૦૨૩, શનિવાર, પારસી તા. ૧૧, મુસ્લિમ તા.૯, જયેષ્ઠા નક્ષત્ર, વિષ્કુંભ યોગ, તૈતિલ કરણ, સૂ.ઉ.૬:૩૨, સૂ.અ.૭:૧૪

આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી વૃશ્ચિક (ન ય), સવારે ૮:૩૮ ક. પછી જન્મેલા બાળકની રાશી ધન (ભ ધ ફ ઢ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: કોઈ કડવો અનુભવ થાય. વ્યર્થ ખર્ચના ભોગ બનવું પડે.
વૃષભ: આર્થિક લાભ મેળવી શકશો. કૌટુંબિક સમસ્યાનો ઉકેલ મળે.
મિથુન: આનંદદાયક નવિન સમાચાર મળે. કઠીન કાર્યો સરળ બને.
કર્ક: માનસિક અશાંતિ અનુભવાય. વાદ-વિવાદથી દૂર રહેવું.
સિંહ: સ્વજન સાથે સંઘર્ષ થાય. હિતશત્રુઓથી સાવધ રહેવું હિતાવહ.
કન્યા: મુસાફરીથી સફળતા મળે. ભારે મહેનત પછી કાર્યમાં સફળતા મળે.
તુલા: જીવનસાથી સાથે વાણી ઘર્ષણ થાય. મનમાં વ્યર્થ ચિંતા રહે.
વૃશ્ચિક: પડવા વાગવાથી સંભાળવું. મહત્વના કાર્યમાં રૂકાવટ આવે.
ધન: રોકાયેલા નાણાં છૂટા થાય. કાર્યબોજ વિશેષ રહે.
મકર: વ્યર્થ વાદ-વિવાદ ટાળવો. નાણાંનું રોકાણ ન કરવું.
કુંભ: આરોગ્ય બાબાતે સંભાળવું. મનમાં અશાંતિ રહે.
મીન: પ્રિયજનથી લાભ મળેવી શકશો. અપેક્ષાઓ ફળતી લાગે.

### રજીસ્ટ્રેશન વગરનાં ઢોરને જપ્ત કરવામાં આવશે

# રખડતા ઢોરના મુદ્દે ગુજરાત સરકારની નવી ગાઈડલાઈન

અમદાવાદ, તા.૨૬

રખડતા ઢોરના વધતા ત્રાસ અને હુમલાઓને લઈને ગુજરાત હાઈકોર્ટ દ્વારા ઝાટકણી કાઢ્યા બાદ રાજ્યસરકાર સફાળી જાગી હતી. હાઈકોર્ટે ૧૧ જુલાઈના અમદાવાદના બિસ્માર રોડ અને રખડતા ઢોર મુદ્દે સરકાર અને અમદાવાદ મહાપાલિકાની ઝાટકણી કાઢી હતી. હવે રાજ્ય સરકારે રખડતા ઢોરને લઈ મહાનગરપાલિકા તેમજ નગરપાલિકા વિસ્તાર માટે સરકારે માર્ગદર્શિકા જાહેર કરી છે. આ વિસ્તારોમાં રખડતા ઢોરનું રજીસ્ટ્રેશન પણ ફરજિયાત કરવામાં આવ્યું છે. રજીસ્ટ્રેશન વગરનાં ઢોરને જપ્ત કરવામાં આવશે. આ ઉપરાંત મહાનગરપાલિકા તેમજ નગરપાલિકાએ પશુઓમાં ટેગ લગાવવાની કામગીરી કરવી પડશે. પરમિશન માટે નિશ્ચિત ચાર્જ ભરવો પડશે. તો જાહેર રસ્તાઓ પર ઘાસ વેચાણ અને પશુઓને ઘાસ ખવડાવવા પર પ્રતિબંધ લાદવામાં આવ્યા છે. રખડતા ઢોરોને નિયંત્રણમાં રાખવા માટે માર્ગદર્શિકાનો ડ્રાફ્ટ તૈયાર કરવા ૧૦ સભ્યોની કમિટીને જવાબદારી સોંપાઈ હતી. તમામ પાસાઓના વિચારણાની અંતે રાજ્ય સરકારે રખડતા ઢોર માટે માટે એક કોમન માર્ગદર્શિકા જાહેર કરી છે. જેમા હવે મહાનગરપાલિકા ઉપરાંત નગરપાલિકાઓમાં ઢોરનું રજિસ્ટ્રેશન કરી લાયસન્સ ફરજિયાત બનાવાયુ છે. આ ઉપરાંત પશુઓની ઓળખ કરી શકાય તે માટે ચીપ અને ટેગ પણ લગાવવા પડશે. સરકારની નવી ગાઈડલાઈન અનુસાર, રોડ પર રખડતા ઢોરનું રજિસ્ટ્રેશન ફરજિયાત રહેશે અને જો રજિસ્ટ્રેશન નહીં કરવામાં આવે તો ઢોરને જપ્ત કરવા સુધીની કાર્યવાહી કરવામાં આવશે. સરકાર દ્વારા રાજ્યના તમામ મહાનગરપાલિકા અને નગરપાલિકાને પશુઓને ટેગ લગાવવાની કામગીરી કરવા માટેની સૂચના આપવામાં આવી છે.

નવા નિયમો અનુસાર મનપા અને નપામાં ઢોર રાખવા માટે પશુપાલકે ફરજિયાત રજિસ્ટ્રેશન કરાવવું પડશે. લાયસન્સ અને નોંધણી પેટે સરકાર રૂપિયા ૭૫૦ ઉઘરાવશે. સાથે દર ૩ વર્ષે પશુઓના લાયસન્સ અને નોંધણી રીન્યુ કરવવા પડશે. તેમજ ઢોર રસ્તા પર રખડતા દેખાશે તો તેના માલિક પાસેથી ૧૦૦૦થી લઈ ૧૦૦૦૦ રૂપિયા સુધીનો દંડ વસૂલવાની પણ જોગવાઈ કરવામાં આવી છે. જો પકડાયેલા પશુઓ માલિક નહિ છોડાવે તો દુધાળા પશુઓની હરાજી કરવામાં આવશે. પશુ પકડવાની ટીમમાં સ્થાનિક પોલીસનો સમાવેશ કરવામાં આવશે. પશુ પકડવાની કામગીરીમાં અડચણ કરનાર સામે પણ પોલીસ કાર્યવાહી કરાશે. જે પશુ માલિકો પાસે જગ્યા નહિ હોય તેમને પશુઓ શહેરની બહાર લઈ જવા પડશે. રખડતાં પશુઓના માલિક સામે ફરિયાદ દાખલ કરવામાં આવશે. ગુજરાત સરકારે મહાનગર પાલિકા અને નગરપાલિકામાં રોડ-રસ્તા પર રખડતા ઢોર પકડાશે તો પશુમાલિકો પાસેથી દંડ વસૂલવાની જોગવાઈ કરવામાં આવે છે. ગાય-ભેંસ, વાછરડાં, ઘેટા, બકરા, ઘોડા, ગધેડા જેવા રખડતા પશુઓ માટે અલગ-અલગ દંડની રકમ નક્કી કરાઈ છે. જો ગાય, ભેંસ અને બળદ, ઘેટા, બકરા, ઘોડા, ગધેડા, ઉંટ, હાથી, ડુક્કર રખડતા પકડાય તો પશુમાલિક પાસેથી ૧૦૦૦ રૂપિયાથી લઈને ૧૦ હજાર રૂપિયાનો દંડ વસૂલવામાં આવશે. તેમજ જ્યાં સુધી તે સરકારી કબજામાં રહેશે ત્યારે દિવસ દીઠ ઘાસચારાના ૨૦૦ રૂપિયાથી લઈને ૧૦૦૦ રૂપિયા અને વહીવટી ચાર્જ પેટે ૨૦૦ રૂપિયાથી લઈને ૧૦૦૦ રૂપિયા ચાર્જ વસૂલવામાં આવશે.

# ગુજરાત સરકારની મદદથી જિનલ વર્મા પોર્ટુગલથી ગુજરાત સહીસલામત પહોંચી



વડોદરા, તા.૨૬

NRI જીવનસાથીની ઈચ્છા રાખનારી યુવતી હોય કે પુત્રીને વિદેશી યુવક સાથે લગ્ન કરવાના સપના જોનારા માતાપિતા, દરેકને સભાન અને સતર્ક રહેવાની જરૂર છે. દ્રઈંની જીવનસાથી બનીને વિદેશ પહોંચેલી યુવતીઓની મુશ્કેલીની ભયાનક કહાણી તો અનેક વખત સામે આવી ચૂકી છે, તેમ છતાં લોકોની આંખ ઉઘડતી નથી. આજકાલ વિદેશ પરણાવવાની ઘેલછામાં અનેક ગુજરાતી યુવતીઓ વિદેશમાં પતિ દ્વારા તરછોડવામાં આવેલી, ખરાબ વર્તન અને શારીરિક ત્રાસ જેવી બાબતોનો શિકાર બનતી હોય છે, ત્યારે હાલ એક આવો જ કેસ સામે આવ્યો છે, જેમાં ગુજરાત સરકારના પ્રયાસથી પોર્ટુગલમાં ફસાયેલા વડોદરાની જિનલ વર્મા હેમખેમ રીતે પોતાના વતન પરત ફરી છે. ગુજરાત સરકારની મદદથી જિનલ વર્મા ગુજરાત સહીસલામત પહોચતા તેમને વીડિયો સંદેશ મારફતે ગૃહ રાજયમંત્રી હર્ષ સંઘવી અને તેમના અંગત સચિવ સહિતનાઓનો આભાર વ્યક્ત કર્યો હતો. આ ઘટના વિશે મળતી માહિતી પ્રમાણે, વડોદરાના જિનલ વર્મા પોતાના પતિ સાથે પોર્ટુગલ ગયા હતા, જ્યાં થોડા દિવસ બધું બરાબર ચાલ્યા બાદ પતિ દ્વારા માનસિક અને શારીરિક હેરાનગતી શરૂ થઈ હતી. એટલું જ નહીં પતિએ જિનલના પાસપોર્ટ-ડોક્યુમેન્ટ પણ જપ્ત કરી લીધા હોવાનો આક્ષેપ કર્યો હતો. વડોદરાની જિનલ વર્મા પોર્ટુગલમાં જાણે પોતાના પતિની નજરકેદમાં હોય તેવું જીવન વ્યતિત કરતી હતી. થોડા સમયમાં બધું મૂંગા મોઢે સહન કર્યા બાદ જિનલે સમગ્ર ઘટનાની કહાની પિતાને જણાવી હતી. બાદમાં દુખી દીકરીની હાલત જાણીને સમગ્ર પરિવાર ચિંતિત બન્યો હતો. પિતાને કોઈ રસ્તો સૂઝતો નહોતો, ત્યારે તેમણે સમગ્ર ઘટના અંગે રાજયના ગૃહ રાજયમંત્રી હર્ષ સંઘવીને રજૂઆત કરી હતી. જિનલને પરત વતન લાવવા માટે આજીજી કરી હતી. ત્યારબાદ ગુજરાત સરકારે આ મુદ્દાને ગંભીરતાથી ધ્યાને લઈ તાબડતોબ કાર્યવાહી હાથ ધરી હતી. એક પિતાની રજૂઆતને ધ્યાને લઈ આ અંગેની અરજી પોર્ટુગલ ખાતે આવેલી ભારતની એલચી કચેરીને અને ભારત સરકારના વિદેશ મંત્રાલયને કરવામાં આવી હતી. ત્યારબાદ પોર્ટુગલ ખાતેની ભારતની એલચી કચેરીએ આ મામલે હકારાત્મક દાખવી તેમણે કાર્યવાહી હાથ ધરી હતી. જેની રજૂઆતના યશપરિણામ સ્વરૂપે દીકરી ઘરે પરત ફરી છે. પોતાની વ્હાલસોયી દીકરી પાછી વતનમાં આવતા પરિવારમાં આનંદનો માહોલ જોવા મળ્યો હતો અને એરપોર્ટ પર લાગણીસભર દ્રશ્યો જોવા મળ્યા હતાં. ત્યારબાદ સમગ્ર પરિવારે રાજ્ય સરકારનો આભાર વ્યક્ત કર્યો હતો.

# 'રાષ્ટ્રીય નેત્ર જ્યોતિ અભિયાન' હેઠળ મોતિયાના ઓપરેશનોમાં ગુજરાત દેશમાં પ્રથમ ક્રમાંકે

## ૨૦૨૨-૨૩ માટે નિર્ધારિત લક્ષ્યાંક ૧,૨૬,૩૦૦ના ૫૦૪% એટલે કે ૬,૩૬,૪૨૮ મોતિયાના ઓપરેશનો ગુજરાતમાં થયા



ગાંધીનગર, તા.૨૬

ગુજરાતે તેમની સંવેદનશીલ પહેલ 'રાષ્ટ્રીય નેત્ર જ્યોતિ અભિયાન અંતર્ગત' વર્ષ ૨૦૨૨-૨૩ માટે મોતિયાના ઓપરેશન્સના ૧,૨૬,૩૦૦ના નિર્ધારિત લક્ષ્યાંકના ૫૦૪% એટલે કે ૬,૩૬,૪૨૮ મોતિયાના ઓપરેશન્સ કરીને દેશમાં પ્રથમ સ્થાન હાંસલ કર્યું છે. એટલું જ નહીં, પરંતુ પ્રતિ ૧૦ લાખની વસ્તીએ ૧૦,૦૦૦થી વધુ મોતિયાના ઓપરેશન્સનો દર હાંસલ કરીને ગુજરાત આ શ્રેણીમાં પણ અગ્રણી રાજ્ય રહ્યું છે. વર્ષ ૨૦૨૩-૨૪ની વાત કરીએ તો, રાષ્ટ્રીય નેત્ર જ્યોતિ અભિયાન હેઠળ ગુજરાતમાં મોતિયાના ૧,૫૧,૭૦૦ ઓપરેશન્સનો લક્ષ્યાંક નિર્ધારિત કરવામાં આવ્યો છે, જેની સામે ગુજરાતે માત્ર ૮ મહિનાઓમાં જ ૮૧%થી વધુ ઓપરેશન્સ એટલે કે ૧,૨૩,૯૭૫ મોતિયાના ઓપરેશન્સ પૂર્ણ કરી લીધા છે.

ઉલ્લેખનીય છે કે રાષ્ટ્રીય અંધત્વ અને દ્રષ્ટિખામી નિયંત્રણ કાર્યક્રમ અંતર્ગત ૩ વર્ષના લક્ષ્યાંક સાથે મે ૨૦૨૫ સુધીમાં દેશમાં અંધત્વનો દર ૦.૨૫% સુધી ઓછો કરવા માટે કેન્દ્ર સરકારે વર્ષ ૨૦૨૨માં રાષ્ટ્રીય નેત્ર જ્યોતિ અભિયાનની શરૂઆત કરી છે. કેન્દ્ર સરકારની આ પહેલ હેઠળ ૫૦ વર્ષથી વધુ વયના મોતિયાના કારણે અંધ અથવા તો ઘનિષ્ઠ દ્રષ્ટિખામી ધરાવતા વ્યક્તિઓના ઓપરેશન નિઃશુલ્ક કરવામાં આવે છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જ્યારે વર્ષ ૨૦૨૨માં રાષ્ટ્રીય નેત્ર જ્યોતિ અભિયાનની શરૂઆત કરી ત્યારે તેમના આ વિચારને સાકાર સ્વરૂપ આપવામાં ગુજરાતનું યોગદાન સૌથી વધુ હોય તેવા ઉદ્દેશ્યથી ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પણ વર્ષ ૨૦૨૨માં જ 'મોતિયા અંધત્વ મુક્ત ગુજરાત' ઝુંબેશની શરૂઆત કરી. ગુજરાત સરકારનું આ રાજ્ય સ્તરીય અભિયાન રાજ્યના ૫૦ વર્ષથી વધુ વયના એવા નાગરિકો જેમણે મોતિયાના કારણે પોતાની દૃષ્ટિ ખોઈ દીધી છે અથવા તો જેઓ પોતાની દૃષ્ટિ ખોઈ નાખવાના આરે હતા, તેમના માટે એક વરદાન સાબિત થયું છે. ગુજરાત સરકારના આરોગ્ય વિભાગે આ ઝુંબેશ હેઠળ એક ડેડિકેટેડ વેબસાઈટ **cataractblindfree.gujarat.gov.in** પણ શરૂ કરી છે. સરકારી હોસ્પિટલોમાં કામ કરતા આરોગ્યકર્મીઓ દ્વારા સંચાલિત આ વેબસાઈટમાં દર્દીઓનું પ્રાથમિક રજિસ્ટ્રેશન, રેફરલ સેવા, ઓપરેશન સેવા અને ફોલોઅપ સેવા સંબંધિત સેવાઓની સંપૂર્ણ જાણકારી હોય છે. આ અભિયાન હેઠળ રાજ્યના તમામ ૩૩ જિલ્લાઓ અને ૮ મહાનગરપાલિકા વિસ્તારોને આવરી લેવામાં આવ્યા છે અને નિર્ધારિત એક્શન પ્લાન મુજબ આ ઝુંબેશનું સંચાલન કરવામાં આવી રહ્યું છે. ઉલ્લેખનીય છે કે આ ઝુંબેશ હેઠળ અત્યારસુધીમાં રાજયમાં ૮ લાખથી વધુ સફળ ઓપરેશન્સ કરવામાં આવ્યા છે. ગુજરાતના આ મહત્વપૂર્ણ અભિયાનને રાજ્ય સરકારનો આરોગ્ય વિભાગ ચાર મુખ્ય તબક્કાઓમાં સંપાદિત કરે છે. તેમાં પહેલો તબક્કો છે ૩૦ વર્ષથી વધુ વયની વ્યક્તિઓની દૃષ્ટિનું સર્વેક્ષણ, બીજો તબક્કો, દૃષ્ટિખામી ધરાવતા દર્દીઓની નોંધણી, ત્રીજું, દર્દીઓનું ઓપરેશન અને ચોથો અને છેલ્લો તબક્કો ફોલોઅપનો છે. ગુજરાતમાં ૩૦ વર્ષથી વધુ વયની વ્યક્તિઓની દૃષ્ટિની તપાસ ફિલ્ડ સ્ટાફ મારફતે 'ઈકાર્ડ' દ્વારા કરવામાં આવે છે. આ માટે રાજયની લગભગ ૫૦ હજાર **ASHA** વર્કર બહેનોને પણ ટ્રેનિંગ આપવામાં આવી છે. મોતિયાની સર્જરીની જરૂરિયાતવાળા તમામ દર્દીઓને હાઈડ્રોફોબિક લેન્સ પણ નિઃશુલ્ક આપવામાં આવે છે. મોતિયા માટે હાઈડ્રોફોબિક લેન્સ સામાન્ય રીતે સૌથી સારો વિકલ્પ હોય છે. આ એક પ્રકારનો ઈન્ટ્રાઓક્યુલર લેન્સ છે જે પોસ્ટ ઓપરેટિવ જટિલતાઓના જોખમ, જેમ કે પોસ્ટ કેપ્સ્યૂલ ઓપસીફિકેશનને ઓછું કરવામાં પણ મદદરૂપ થાય છે.

# DEOના અભિપ્રાય પછી જ સ્કૂલોને રાજ્ય બહાર પ્રવાસની મંજૂરી અપાશે

અમદાવાદ, તા.૨૬

રાજયની સ્કૂલોએ રાજય બહાર પ્રવાસ લઈ જવા માટે શાળાઓની કચેરીના નિયામક પાસેથી પ્રવાસની દરખાસ્ત મંજુર કરાવવાની રહેશે. જોકે, આ દરખાસ્ત મંજૂર કરાવવા માટે જિલ્લા શિક્ષણાધિકારીનો અભિપ્રાય લેવાનો રહેશે. ત્યારબાદ જ આવી દરખાસ્તો પર મંજૂરીની મહોર મારવામાં આવશે. આ માટે સ્કૂલોએ પ્રવાસના ઓછામાં ઓછા ૧૫ દિવસ પહેલા દરખાસ્ત મળી જાય તે રીતે દરખાસ્ત મોકલવાની રહેશે. શાળાઓ દ્વારા રાજયની અંદર તથા રાજયની બહાર શૈક્ષણિક પ્રવાસનું આયોજન કર્યા પહેલા નક્કી કરવામાં આવેલા ચેકલીસ્ટ મુજબ દરખાસ્ત કરવાની રહેશે. ચેકલિસ્ટ મુજબ દરખાસ્ત કરેલી હશે તો જ સ્કૂલોને પ્રવાસની મંજૂરી આપવામાં આવશે. રાજયની અંદર પ્રવાસ માટે સરકારી, ગ્રાન્ટેડ તથા ખાનગી શાળાઓને જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા મંજૂરી આપવાની રહેશે. જ્યારે રાજયના બહાર પ્રવાસ લઈ જવો હોય તો તેના માટે સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ માટેની મંજૂરી શાળાઓની કચેરીના નિયામક દ્વારા આપવામાં આવશે. રાજ્ય બહારના પ્રવાસ માટે નિયામક દ્વારા મંજૂરી આપવાની થતી હોવાથી શિક્ષણ વિભાગના પરિપત્રને ધ્યાને લઈને પુરતી ચકાસણી કર્યા બાદ જ તેમજ પુરતા આધાર-પુરાવા અને આચાર્યની બાંહેધરી પત્રક તથા જિલ્લા શિક્ષણાધિકારીના અભિપ્રાય સાથે પ્રવાસ ઉપડવાના ૧૫ દિવસ પહેલા કચેરીને મળી જાય તે રીતે દરખાસ્ત મોકલવાની રહેશે. જો, સ્કૂલો દ્વારા રાજ્ય બહારના પ્રવાસ માટે સીધા જ નિયામકની કચેરી ખાતે જિલ્લા શિક્ષણાધિકારીના અભિપ્રાય વગર દરખાસ્ત મોકલવામાં આવશે તો તેવી દરખાસ્ત ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં. જો દરખાસ્ત પ્રવાસની તારીખના સંદર્ભમાં મોડી મળશે તો મંજૂરી આપવામાં આવતી નથી તેમ માનવાનું રહેશે. ઉપરાંત પ્રવાસ માટે ચેકલિસ્ટ નક્કી કરવામાં આવ્યું છે. જેથી દરખાસ્ત ચેકલીસ્ટ મુજબ હશે તો જ મંજૂરી આપવામાં આવશે. ઉપરાંત અધુરી વિગતો ધરાવતી હોય તેવી દરખાસ્તો ન મોકલવા

## ખેલ સહાયક માટે અનામત કેટેગરીની વયમાં છૂટછાટ આપવા માંગણી કરાઈ

અમદાવાદ, તા.૨૬

રાજ્યમાં આવેલી સરકારી પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક સ્કૂલોમાં સરકાર દ્વારા ખેલ સહાયકની નિમણુંક કરવામાં આવનાર છે. જોકે, ખેલ સહાયક બનવા માટે ઉમેદવારોની નિરસતાને જોતા યુવક કોંગ્રેસ દ્વારા ફરી અનામત પ્રમાણે ઉંમરમાં છુટછાટ આપવા માટે માગ કરીછે. અગાઉ પણ માંગ કરાઈ હતી, પરંતુ સરકારે અનામતના બદલે તમામ કેટેગરી માટે ઉંમરમાં છુટછાટ આપી હતી. જોકે, અનામત માટે છુટછાટ આપવામાં આવે તો હજુ વધુ ઉમેદવારો પરીક્ષા માટે નોંધાઈ શકે તેમ હોવાનું જાણવા મળે છે. પ્રાપ્ત માહિતી અનુસાર, રાજ્ય સરકાર દ્વારા સરકારી સ્કૂલોમાં ૩૦૦ કે તેના કરતા વધુ સંખ્યામાં વિદ્યાર્થીઓ હોય ત્યાં ખેલ સહાયકની નિમણુંક કરવાની જોગવાઈ કરવામાં આવી છે.

## શ્રાવણ સત્સંગ

# ભગવાન શિવજીના મસ્તક પર ચંદ્રએ સ્થાન પ્રાપ્ત કર્યું



આપણે સૌ જાણીએ છીએ કે, ભગવાન શિવજીના મસ્તક પર ચંદ્ર બિરાજે છે. જાણે ભગવાન શિવજીના મુકુટ સ્વરૂપ તે બિરાજતા હોય તેવું દ્રશ્ય ખડું થાય છે. આ અંગે એક કથા છે.

દેવો અને દાનવો દ્વારા અમૃત પ્રાપ્તી માટે સમુદ્ર મંથન કરવામાં આવ્યુ. ત્યારે તેમાંથી વિવિધ વસ્તુઓ નિકળવા લાગી. દેવો અને દાનવો વચ્ચે તે વસ્તુઓની વારાફરતી વહેચણી થવા લાગી.

જ્યારે હળાહળ ઝેર નિકળ્યું ત્યારે સૌ ગભરાઈ ગયા. હવે આ ઝેર કોઈ ગ્રહણ ન કરે તો તે ત્રિલોકમાં ફેલાઈ જાય. જેને કારણે સમગ્ર સૃષ્ટિના અસ્તિત્વ પર જોખમ ઉભુ થાય. આવા સંજોગોમાં ભગવાન શિવજી આ હળાહળ વિષ ગ્રહણ કરવા તૈયાર થયા. તેમણે વિષપાન કર્યું. તે તેમણે ગળામાં ધારણ કરી લીધું. પરંતુ તેનો પ્રભાવ તેમના આખાય શરીર પર વર્તાવા લાગ્યો. તેમના શરીરમાં અસહ્ય ગરમી ફેલાઈ ગઈ.

આ દ્રશ્ય શિતળતા સભર ચંદ્ર દેવે જોયું. તેમણે ભગવાન શિવજીને પ્રાર્થના કરી કે, 'હે દેવો ના દેવ મહાદેવ, કરૂણા નિધાન તમે મને તમારા મસ્તકમાં બેસવા માટે રજા આપફો. જેથી માર શિતળતાને કારણે તમારા શરીર પર વિષના કારણે ફેલાયેલ ગરમીમાં તમને શાંતિ અનુભવાશે.

પ્રથમ તો ભગવાન શિવજીએ ચંદ્ર દેવને આ માટે રજા ન આપી. તેમણે કહ્યું , 'હે ચંદ્ર, તારો શ્વેત રંગ અને તારી શિતળતા ઝેરના કારણે ઉત્પન્ન થયેલી ગરમીને સહન કરી શકે. માટે તું આ સાહસ કરવાનું રહેવા દે.

પરંતુ પછી ચંદ્રદેવે શિવજીને સ્તૃતિ કરી વિનંતી કરી. તેમની સાથે દેવો પણ જોડાયા. તેમની સ્તૃતિથી પ્રસન્ન થઈ શિવજી એ ચંદ્રદેવની વિનંતીનો સ્વીકાર કરી તેમનો પોતાના મસ્તક પર ધારણ કર્યા.

ભગવાન શિવજીનો શાંતિ પ્રાપ્ત અને ચંદ્રદેવનો શિવજીના મસ્તક પર સ્થાન પ્રાપ્ત થયું. તેથી ચંદ્રદેવના વાર સોમવારને ચંદ્રદેવ સાથે જોડી આ દિવસે ભગવાન શિવજીની પુજા કરવાનો વિશેષ મહિમા છે. પુનમના ચંદ્રદેવના દર્શન કરવાથી તેમાં નિલીમા જોવા મળે છે. જેનો મહિમા આ કથા સાથે જોડાયેલ છે.

એક માન્યતા પ્રમાણે સંકષ્ટ ચતુર્થી નું વ્રત કરનારને કોઈ કારણ સર ચંદ્ર દેવના દર્શન ન થાય તો તેઓ શિવજીના મસ્તક પર ચંદ્ર દેવના દર્શન કરી વ્રત પરિપૂર્ણ કરે છે.

**કનકચંદ્ર છગનલાલ વ્યાસ**

**દેવેન કનકચંદ્ર વ્યાસ**

# ડુંગળીના ભાવો પણ હવે રડાવશે : થોડા દિવસો પહેલા ૨૦-૨૫ રૂપિયા પ્રતિ કિલોના હતા હાલ રૂા.૫૦..

અમદાવાદ તા.૨૬

થોડા દિવસો પહેલા ૨૦-૨૫ રૂપિયા પ્રતિ કિલોના ભાવે વેચાતી ડુંગળી હવે ૫૦ રૂપિયા પ્રતિ કિલોએ પહોંચી ગઈ છે. આ સ્થિતિને સમજીને સરકારે તેને અંકુશમાં લેવા માટે નિકાસ ડ્યૂટીમાં વધારો કર્યો છે. મોંઘવારીના કારણે સામાન્ય લોકો પહેલાથી જ અનેક પડકારોનો સામનો કરી રહ્યા છે. રોજીંદી ઉપયોગની વસ્તુઓના ભાવ એટલા વધી ગયા છે કે તેની સ્પષ્ટ અસર તેમના વપરાશ ઉપર જોવા મળી રહી છે. છેલ્લા કેટલાક સમયથી મોંઘવારીના કારણે ટામેટા મોટાભાગના લોકોની પહોંચની બહાર થઈ ગયા છે. હવે ડુંગળીના ભાવોએ ચિંતા વધારી દીધી છે કે સતત મોંઘવારીથી ત્રસ્ત લોકોને અત્યારે કોઈ રાહત મળે એવું લાગતું નથી! નોંધનીય છે કે બજારમાં ડુંગળીના ભાવ વધવાની આશંકાને ધ્યાનમાં રાખીને કેન્દ્ર સરકારે તેને નિયંત્રણમાં રાખવાના હેતુથી ૩૧ ડિસેમ્બર સુધી નિકાસ ઉપર ચાલીસ ટકા ડ્યૂટી લગાવી હતી. મહારાષ્ટ્રના નાસિક અને અહેમદનગરના ખેડૂતોએ જથ્થાબંધ બજારમાં વેચાણ બંધ કર્યું છે. દેખીતી રીતે, સરકારનો હેતુ ખુલ્લા બજારમાં ડુંગળીની ઉપલબ્ધતા વધારવાનો હતો અને તેના ભાવ સામાન્ય લોકો માટે સુલભ રાખવાનો હતો. પરંતુ નિકાસ ઉપર ડ્યુટી લાદવાના કેન્દ્રના નિર્ણયના વિરોધમાં, મહારાષ્ટ્રના નાસિક અને અહમદનગર સહિતના કેટલાક વિસ્તારોમાં ખેડૂતોએ રવિવારે જથ્થાબંધ બજારમાં ડુંગળીનું વેચાણ બંધ કરી દીધું હતું. ખેડૂતોની જાહેરાતથી ભાવ વધુ કાબૂની બહાર જઈ શકે છે. સરકારનું આ પગલું ડુંગળીના ભાવને નિયંત્રણમાં રાખવા માટે લેવામાં આવ્યું હોવાનું માનવામાં આવી રહ્યું હતું, તે પછી ખેડૂતો દ્વારા કરવામાં આવેલી ઘોષણાને પગલે ભાવો કદાચ વધુ બેલગામ થશે. વાસ્તવમાં, તાજેતરના ભૂતકાળમાં ડુંગળીના ભાવમાં અચાનક ઉછાળાએ તેને ઘણા લોકોની પહોંચ બહાર કરી દીધી છે. થોડા દિવસો પહેલા ૨૦-૨૫ રૂપિયા પ્રતિ કિલોના ભાવે વેચાતી ડુંગળી હવે ૫૦ રૂપિયા પ્રતિ કિલોએ પહોંચી ગઈ છે. આ સ્થિતિને સમજીને સરકારે તેને અંકુશમાં લેવા માટે નિકાસ ડ્યૂટીમાં વધારો કર્યો હતો. પરંતુ આ પગલું ખેડૂતોના હિતની વિરૂધ્ધ માનવામાં આવધ્ રહ્યું છે, કારણ કે મહારાષ્ટ્રના ખેડૂતોને આ વખતે ડુંગળીની નિકાસથી થોડો નફો થવાની આશા હતી. હવે ડ્યુટી વધ્યા બાદ નિકાસમાં ઘટાડો થવાના કિસ્સામાં સ્થાનિક



જથ્થાબંધ બજારમાં વેપારીઓ ઓછા ભાવ ક્વોટ કરશે તો તેનો માર ખેડૂતોને ભોગવવો પડશે. આમેય ઘણા વખતથી ખાસ કરીને ડુંગળી પકવતા ખેડૂતોની દશા તો સાવ માઠી થયેલી છે. ગત વર્ષે તો ઘણા ખેડૂતોએ ખેતરોમાં અને માર્ગો ઉપર ડુંગળી ફેંકી દીધી હતી. પ્રશ્ન એ છે કે એક તરફ ડુંગળી ઉત્પાદક ખેડૂતોને નુકસાન ન થાય અને બીજી તરફ સામાન્ય લોકોને ઓછા ભાવે ડુંગળી મળી શકે તેવો રસ્તો સરકાર કાઢે. પણ સરકારનું તો એવું છે કે જ્યાં સુધી પાણી ગળાની ઉપર ના પહોંચે ત્યાં સુધી તે જાગતી નથી. નોંધપાત્ર રીતે, ડુંગળીનો નવો પાક સામાન્ય રીતે એપ્રિલ-મેમાં આવે છે અને તે પછી તેના ભાવમાં નરમાઈ આવે છે. પરંતુ હાલમાં, વિવિધ પ્રદેશોના જથ્થાબંધ અને છૂટક બજારોમાં અછતને કારણે, દિલ્હી, આસામ, હિમાચલ પ્રદેશ, તેલંગાણા અને આંધ્ર પ્રદેશની જથ્થાબંધ બજારોમાં બે હજાર ટન વધારાની ડુંગળીનું વેચાણ થયું છે. આમ, ડુંગળીના ઉત્પાદનમાં ભારત વિશ્વમાં ટોચ પર રહ્યું છે. વર્ષ ૨૦૨૧માં ભારતમાં ૨૬.૬ લાખ મેટ્રિક ટન ડુંગળીનું ઉત્પાદન થયું હતું. ત્યારબાદ ૨૪.૨ લાખ મેટ્રિક ટન સાથે ચીન બીજા નંબરે હતું. વિડંબના એ છે કે સામાન્ય રીતે ખેડૂતોને તેમના પાકના વાજબી ભાવ મળતા નથી. પરંતુ બજારમાં જાહેર અનાજ પ્રણાલી હેઠળ એક જ પાકના ભાવ ક્યારેક એટલા વધી જાય છે કે તે સામાન્ય લોકોની પહોંચની બહાર હોય છે. પ્રશ્ન એ છે કે આ વચગાળાની રકમ કોની પાસે જાય છે? જરૂરિયાત એ છે કે સામાન્ય ગ્રાહકો તેમજ ખેડૂતોના હિતની રક્ષા માટે સંતુલિત પગલાં લેવામાં આવે. ખેડૂતો અને પ્રજા બંનેને પાયમાલ થતાં બચાવવા જરૂરી છે.

## ગુજરાત સરકાર અને શેલ એનર્જી વચ્ચે રૂા.૩૫૦૦ કરોડના રોકાણ માટે થયા MoU

# બનાસકાંઠામાં રિન્યુએબલ એનર્જી ઉત્પાદન માટે ૨ ૨૦૦ કરોડનો પ્લાન્ટ સ્થપાશે

ગાંધીનગર, તા.૨૬

ઊર્જાક્ષેત્રની અગ્રગણ્ય કંપની શેલ એનર્જી ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ ગુજરાતમાં ૩૫૦૦ કરોડ રૂપિયાનું રોકાણ કરશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં આ અંગેના MoU રાજ્ય સરકાર અને શેલ એનર્જી વચ્ચે ગાંધીનગરમાં કરવામાં આવ્યા હતા. વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટની દસમી શ્રેણી જાન્યુઆરી-૨૦૨૪માં યોજાવાની છે. આ વાઈબ્રન્ટ સમિટ દેશ-વિદેશના રોકાણકારો, ઉદ્યોગકારો માટે ગ્લોબલ પ્લેટફોર્મ બની રહી છે. આ સંદર્ભમાં વાયબ્રન્ટ સમિટ ૨૦૨૪ના પૂર્વાર્ધરૂપે રાજ્ય સરકાર દ્વારા વિવિધ ઉદ્યોગો સાથે અગાઉથી જ MoU કરવામાં આવી રહ્યા છે, જેમાં ચોથા તબક્કામાં શેલ એનર્જી ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ દ્વારા તા.૨૩ ઓગસ્ટ બુધવારે એક MoU કરવામાં આવ્યો હતો. આ MoU અન્વયે રૂા.૨૨૦૦ કરોડના રોકાણ સાથે ઉત્તર ગુજરાતના બનાસકાંઠામાં ૧૨૦૦ એકરમાં રિન્યુએબલ એનર્જી ઉત્પાદન માટે પ્લાન્ટ સ્થાપશે. આ પ્લાન્ટ દ્વારા અંદાજે એક હજારથી વધુ લોકોને પ્રત્યક્ષ કે પરોક્ષ રોજગારી મળશે તેમજ સંભવતઃ ૨૦૨૬ સુધીમાં આ પ્લાન્ટમાં વાણિજ્યિક ઉત્પાદન શરૂ થઈ જશે. આ ઉપરાંત રાજયમાં વિવિધ સ્થળોએ ફ્યુઅલ રિટેલીંગ, ઈ.વી.રિચાર્જ સ્ટેશન ક્ષેત્રે શેલ એનર્જી ઈન્ડિયા દ્વારા રૂા.૮૦૦ કરોડનું રોકાણ કરવામાં આવશે તથા અંદાજે બે હજાર લોકોને રોજગારી આ ક્ષેત્ર પૂરી પાડશે. તેમના આ પ્રોજેક્ટ આગામી ૨૦૨૭ સુધીમાં કાર્યરત થવાના છે. રાજ્ય સરકાર સાથે કરેલા આ MoU અનુસાર શેલ એનર્જી ઈન્ડિયા LNG રિગેસિફિકેશન ટર્મિનલ, એસેટ ઈન્ટીગ્રિટી રિજુવેનેશન અને ડેબોટલનેકિંગ પ્રોજેક્ટમાં રૂા.૫૦૦ કરોડનું રોકાણ કરવાની છે. આ પ્રોજેક્ટમાં ૩૭૫ લોકોને રોજગાર અવસર મળતા થશે તથા આ પ્રોજેક્ટ પણ સંભવતઃ ૨૦૨૭ સુધીમાં વાણિજ્યિક ઉત્પાદન કરતો થઈ જશે. વાયબ્રન્ટ સમિટના પૂર્વાર્ધરૂપે પ્રતિ સપ્તાહે યોજવામાં આવતા MoU સાઈનીંગ ઉપક્રમની ત્રણ કડીમાં રાજયમાં વિવિધ ઉદ્યોગોની સ્થાપના માટે કુલ રૂા.૩૮૭૪ કરોડના રોકાણોના 14 MoU સંપન્ન થયા છે.

# ૨૦ સપ્તાહનો ગર્ભ ધરાવતી પીડિતાએ ગર્ભપાત માટે હાઈકોર્ટમાં કરી અરજી, મેડિકલ તપાસનો આદેશ

અમદાવાદ, તા.૨૬

સુરેન્દ્રનગર જિલ્લામાં દુષ્કર્મનો ભોગ બનેલી અને ૨૦થી વધુ સપ્તાહનો ગર્ભ ધરાવતી વધુ એક પીડિતાએ ગર્ભપાતની મંજૂરી માટે ગુજરાત હાઈકોર્ટમાં રિટ અરજી કરી છે. જેની સુનાવણીમાં જસ્ટિસ સમીર જે.દવેએ સુરેન્દ્રનગરની ગાંધી હોસ્પિટલના મેડિકલ સુપ્રિટેન્ડન્ટને પીડિતા યુવતીની તાત્કાલિક મેડિકલ તપાસ નિષ્ણાત તબીબોની પેનલ મારફતે કરાવવા હુક્મ કર્યો હતો. વધુમાં, જસ્ટિસ સમીર જે.દવેએ એમ પણ સ્પષ્ટ કર્યું હતું કે, પીડિતાની જેવી મેડિકલ તપાસ પૂર્ણ થાય કે તુરત જ તેનો મેડિકલ રિપોર્ટ અદાલત સમક્ષ રજૂ કરવાનો રહેશે. હાઈકોર્ટે પોલીસ સત્તાવાળાઓને પીડિતાને મેડિકલ એકઝામીનેશન માટે હોસ્પિટલ લઈ જવા પણ હુકમ કર્યો હતો. હાઈકોર્ટે રાજય સરકાર, સુરેન્દ્રનગરના લીમડી પોલીસ મથકના પીઆઈ અને સુરેન્દ્રનગરની ગાંધી હોસ્પિટલને નોટિસ પણ જારી કરી હતી. અરજદાર પીડિતા તરફથી રિટ અરજીમાં એ મતલબની રજૂઆત કરવામાં આવી હતી કે, અરજદાર સુરેન્દ્રનગરમાં તેણીની નાનીને ત્યાં રહે છે અને તેની પાડોશમાં રહેતા આરોપી યુવક દ્વારા તેણીને તેના અને તેના પરિજનોને મારી નાંખવાની ધમકી આપી દુષ્કર્મનો ભોગ બનાવી હતી. આ સમગ્ર ઘટનાએ અરજદારના મન અને શરીર પર બહુ ગંભીર અને વિપરીત અસરો જન્માવ્યા છે અને તેથી તેણી બાળકને રાખવા માંગતી નથી અને તેથી ગર્ભપાતની મંજૂરી આપવા હાઈકોર્ટને અરજ કરે છે. પીડિતાની રજૂઆત બાદ જસ્ટિસ સમીર જે.દવેએ ઉપર મુજબ હુકમ કરી કેસની વધુ સુનાવણી તા.૨૫મી ઓગસ્ટે રાખી હતી. ઉલ્લેખનીય છે કે તાજેતરમાં હાઈકોર્ટમા આવા બે કેસો આવ્યા હતા. જેમાં પીડિતાઓને ૨૭ સપ્તાહથી વધુનો ગર્ભ હતો. એક મામલો તો સુપ્રીમ કોર્ટમાં પહોંચ્યો હતો જેમાં પીડિતાના ગર્ભપાતની અરજીની લાંબી મુદત આપવા બદલ સુપ્રીમ કોર્ટે હાઈકોર્ટની ઝાટકણી પણ કાઢી હતી.

# બાળકો વિરૂદ્ધના ગુનાઓ : પીડિતોની સંભાળ અને તેઓને સમર્થન આપવાથી જ સાચો ન્યાય આપી શકાય છે : સુપ્રીમ કોર્ટ



નવી દિલ્હી, તા.૨૬

સુપ્રીમ કોર્ટે તાજેતરમાં કહ્યું છે કે, બાળકો વિરૂદ્ધના ગુનાઓના કેસોમાંર સાચો ન્યાય એ માત્ર ગુનેગારને પકડવાથી અથવા સજાની તીવ્રતાથી નહીં પરંતુ તેના પીડિતને આપવામાં આવતી સહાય અને સુરક્ષા દ્વારા પ્રાપ્ત થાય છે. જસ્ટિસ એસ રવિન્દ્ર ભટ અને અરવિંદ કુમારની ખંડપીઠે POCSO એક્ટ હેઠળ સહાયક વ્યક્તિઓની નિમણૂકને લગતા અનેક નિર્દેશો જારી કરતી વખતે આ અવલોકન કર્યું હતું. કોર્ટે કહ્યું કે, બાળકો સામેના ગુનાઓમાં, તેની ભયાનકતા કે આઘાત પીડિતને ઊંડે અસર કરે છે અને ગુના પછીના દિવસોમાં સપોર્ટ અને હેન્ડહોલ્ડિંગના અભાવને કારણે આ અસર વધુ તીવ્ર બને છે. બેન્ચે કહ્યું કે, આવા ગુનાઓમાં, સાચો ન્યાય માત્ર ગુનેગારને પકડીને અને તેને ન્યાય દ્વારા સજા આપવાથી પ્રાપ્ત થતો નથી, પરંતુ પીડિતને સમર્થન, સંભાળ અને સુરક્ષા દ્વારા પ્રદાન કરવામાં આવે છે. રાજ્ય અને તેની તમામ સત્તાધિકારીઓએ તપાસ અને ટ્રાયલની સમગ્ર પ્રક્રિયા દરમ્યાન પીડારહિત, શક્ય હોય તેટલી પીડિતની ઓછી અગ્નિપરીક્ષા સાથે આવું કરવું જોઈએ. સર્વોચ્ચ અદાલતે જણાવ્યું હતું કે આ સમયગાળા દરમ્યાન રાજ્ય સંસ્થાઓ અને કચેરીઓ દ્વારા પ્રદાન કરવામાં આવતી સહાય અને સંભાળ મહત્વપૂર્ણ છે. સાચો ન્યાય ત્યારે જ કહી શકાય જ્યારે પીડિતોને સમાજમાં પાછા લાવવામાં આવે, સુરક્ષિત અનુભવ આપવામાં આવે અને તેમનું મૂલ્ય અને ગૌરવ પુર્નઃ સ્થાપિત કરવામાં આવે. બેન્ચ એક એનજીઓ બચપન બચાવોની અરજી ઉપર સુનાવણી કરી રહી હતી. તે ઉત્તરપ્રદેશમાં POCSO કેસમાં પીડિત વ્યક્તિ દ્વારા સામનો કરવામાં આવતી મુશ્કેલીઓને પ્રકાશિત કરે છે. પ્રોટેકશન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેકસ્યુઅલ ઓફેન્સ રૂલ્સ (POCSO), 2020 હેઠળ "સહાયક વ્યક્તિ"ની ભૂમિકા અધૂરી છે તે નોંધતા, બેન્ચે કહ્યું કે POCSO એક્ટ અને તે બનાવેલ મિકેનિઝમ્સ કાર્યરત છે તેની ખાતરી કરવા માટે અસરકારક પગલાં લેવામાં આવે તે જરૂરી છે. સર્વોચ્ચ અદાલતે ઉત્તરપ્રદેશના મહિલા અને બાળ કલ્યાણ વિભાગના અગ્ર સચિવને આગામી છ સપ્તાહની અંદર રાજ્યમાં પસંદગી, નિમણૂક, વિશેષ નિયમોની જરૂરિયાત માટે સહાયક વ્યક્તિના ઈકોસિસ્ટમના સંદર્ભમાં ક્ષમતાઓનું મૂલ્યાંકન કરવા માટે એક બેઠક બોલાવવાનો નિર્દેશ આપ્યો છે અને તેમની નિમણૂક, તાલીમ વગેરેના સંદર્ભમાં માર્ગદર્શિકા/ સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રક્રિયા નક્કી કરવા કહ્યું છે. સર્વોચ્ચ અદાલતે કેન્દ્ર અને નેશનલ કમિશન ફોર પ્રોટેકશન ઓફ ચાઈલ્ડ રાઈટ્સને ૪ ઓકટોબર, ૨૦૨૩ સુધીમાં દિશાનિર્દેશો ઘડવા અંગે એફિડેવિટ ફાઈલ કરવાનો નિર્દેશ આપ્યો હતો. સર્વોચ્ચ અદાલતે સ્વીકાર્યું કે સહાયક વ્યક્તિઓ જેઓ સ્વતંત્ર રીતે પ્રશિક્ષિત વ્યાવસાયિકો છે તેઓએ એવા કાર્યો હાથ ધરવા જરૂરી છે જેમાં પ્રતિકૂળ વાતાવરણમાં સઘન ક્રિયાપ્રતિક્રિયાની જરૂર હોય છે. નિયમો જણાવે છે કે આવા કર્મચારીઓને લઘુત્તમ વેતન અધિનિયમ, ૧૯૪૮ મુજબ કુશળ કામદારની સમકક્ષ ચૂકવણી કરવી જોઈએ, આ અદાલતનો અભિપ્રાય છે કે કામના સમયગાળા માટે ચૂકવવામાં આવતું મહેનતાણું, યોગ્યતાઓને અનુરૂપ હોવું જોઈએ અને આ સ્વતંત્ર પ્રોફેશનલ્સનો અનુભવ, સરકાર દ્વારા, PSUs અથવા સરકાર દ્વારા સંચાલિત અન્ય સંસ્થાઓમાં (દા.ત. હોસ્પિટલો) દ્વારા નિયુક્ત કરાયેલ તુલનાત્મક લાયકાત ધરાવતા લોકોને ચૂકવવામાં આવતા પગારને ધ્યાનમાં રાખીને ચૂકવવું જોઈએ અને મુખ્ય સચિવ દ્વારા બોલાવવામાં આવનારી બેઠકમાં તેની વિચારણા કરવામાં આવશે.

# પ્રજાને એક પછી એક મોંઘવારીનો માર : ચણાનો લોટ ૬૬ રૂપિયા કિલોથી વધીને ૮૦ રૂપિયા કિલો થયો

**છેલ્લા ત્રણ જ દિવસમાં ૧૪ રૂપિયાનો વધારો થયો, કાબુલી ચણાના ભાવમાં રૂા.૩૦નો વધારો**

અમદાવાદ,તા.૨૬

બજારમાં ભાવ વધારાની મોસમ ચાલી રહી છે ત્યારે ચણાના લોટના ભાવમાં પણ ભડકો થયો છે. ચણાનો લોટ ૬૬ રૂપિયા કિલોથી વધીને ૮૦ રૂપિયા કિલો થઈ ગયો છે. જ્યારે કાબુલી ચણાના ભાવમાં કિલોએ ૩૦નો વધારો થયો છે. ભાવ પ્રતિ કિલો ૧૫૦ થઈ ગયો છે હાલમાં વરસાદી માહોલમાં મોટા ભાગના ચણાના લોટનો ઉપયોગ વધારે પ્રમાણમાં થતો હોય છે. મોંઘવારીનો માર મોટાભાગના ફરસાણમાં પણ ચણાના લોટનો ઉપયોગ કરવામાં આવતો હોય છે ત્યારે ભાવ વધારા થવાના કારણે આવનારા સમયમાં ફરસાણમાં પણ હજુ પણ મોંઘવારી વધે તેવી શક્યતાઓ સેવાઈ રહી છે. ત્રણ દિવસ પહેલા ૬૬ રૂપિયા કિલો મળતો ચણાનો લોટ ૮૦ રૂપિયા પહોંચી ગયો છે. છેલ્લા ત્રણ જ દિવસમાં ૧૪ રૂપિયાનો વધારો થયો છે. કાબુલી ચણાના ભાવમાં ૩૦નો વધારો નિષ્ણાંતોના જણાવ્યા અનુસાર છેલ્લા ૪૦ વર્ષના ઈતિહાસમાં ચણાના લોટના ભાવમાં આટલો ઉછાળો જોવા મળ્યો નથી. ચણાના લોટની સાથે કાબુલી ચણાના ભાવમાં પણ રોકેટ ગતિએ ઉછાળો જોવા મળી રહ્યો છે. ૨૦ દિવસ પહેલા કાબુલી ચણા પ્રતિ કિલો ૧૨૦ રૂપિયામાં બજારમાં મળતા હતા, જે અત્યારે ૧૫૦ રૂપિયા કિલો મળી રહ્યા છે.

# ચાઈના બોર્ડર ઉપર ભારત તૈયાર કરી રહ્યું છે દુનિયાની સૌથી ઊંચી ટનલ

## બોર્ડર રોડ ઓર્ગેનાઈઝેશને માહિતી આપી છે કે લદાખ ક્ષેત્રમાં સૈન્ય અને નાગરિક બંને ઉપયોગ માટે નિર્માણ કાર્ય ચાલુ છે




નવી દિલ્હી, તા.૨૬

ભારત ચીનની સરહદે આવેલી તેની જમીન પર સતત બાંધકામ કરી રહ્યું છે. ભારતનું આ પગલું ચીનના ઘૂસણખોરીના ઈરાદાઓને બેવડો ફટકો આપશે. દરમ્યાન બોર્ડર રોડ ઓર્ગેનાઈઝેશને માહિતી આપી છે કે લદાખ ક્ષેત્રમાં સૈન્ય અને નાગરિક બંને ઉપયોગ માટે નિર્માણ કાર્ય ચાલુ છે. આ ક્રમમાં, સરકારના પ્રયાસો હેઠળ, પૂર્વી લદાખ સેક્ટરમાં વિશ્વની સૌથી ઊંચી ટનલ, રોડ અને ફાઈટર એરક્રાફ્ટ બેઝનું નિર્માણ કાર્ય ચાલી રહ્યું છે. મિગ લા-ફૂકચે રોડના નિર્માણ સાથે, દળ બે વર્ષ પહેલા ઉમલોંગ લા પાસ પર સૌથી ઉંચો રોડ બનાવવાનો પોતાનો રેકોર્ડ તોડવા માટે તૈયાર છે, એમ લેફ્ટનન્ટ જનરલ રાજીવ ચૌધરીએ (BRO) ચીફ જણાવ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે મિગ લા-ફુચે રોડ આગામી બે સિઝનમાં બનાવવામાં આવશે. આ સૌથી વધુ મોટરેબલ રોડ હશે જે ગંભીર પરિસ્થિતિમાં સેનાની તૈનાતીને સક્ષમ કરશે. તેમણે કહ્યું કે ઉમલિંગલા વિશ્વનો સૌથી ઊંચો મોટરેબલ રોડ છે. ૧૫ ઓગસ્ટે BROએ ૧૯,૪૦૦ ફૂટની ઊંચાઈએ લિક્રુ, મિગ-લા અને ફુકચેને જોડતો રસ્તો શરૂ કર્યો. આનાથી જો કોઈ ગંભીર પરિસ્થિતિ ઊભી થાય તો વહેલી તકે સૈનિકો તૈનાત કરવામાં મદદ મળશે. BRO સૌથી વધુ મોટરેબલ રોડનો પોતાનો રેકોર્ડ તોડવા માટે તૈયાર છે. બીઆરઓ ચીફે કહ્યું કે વિશ્વની સૌથી ઊંચી દ્વિ-લેન ટનલ સેલા પણ તૈયાર છે અને એવી અપેક્ષા છે કે ટૂંક સમયમાં જ વડાપ્રધાન તેને રાષ્ટ્રને સમર્પિત કરશે. ટૂંક સમયમાં સેલા ટનલનું વડાપ્રધાન મોદી દ્વારા ઉદ્ઘાટન કરવામાં આવશે. તે વિશ્વની સૌથી ઊંચી અને સૌથી લાંબી ટુ-લેન ટનલ હશે. લદાખ ક્ષેત્રમાં ભૌતિક જોડાણ વધારવા માટે ભારતીય સૈન્યની માર્ગ નિર્માણ એજન્સી દ્વારા બીજી એક વિક્રમજનક પ્રવૃત્તિમાં, મનાલીથી ઝંસ્કરથી લેહને જોડતી શિંકુ લા ટનલનું કામ ટૂંક સમયમાં શરૂ થશે. ચીનમાં આવેલી રૈન્ક્ટ ટનલનો રેકોર્ડ તોડીને તે વિશ્વની સૌથી ઉંચી ટનલ હશે. એર કનેક્ટિવિટીના સંદર્ભમાં, BRO ચીફ રાજીવ ચૌધરીએ કહ્યું કે પૂર્વી લદાખમાં માત્ર ૩૦ કિલોમીટર દૂર સ્થિત ન્યોમા એરફિલ્ડ ૨૦૨૪ સુધીમાં તૈયાર થઈ જશે. તેમાં ફાઈટર એરક્રાફ્ટ ચલાવવાની ક્ષમતા હશે. તેમણે કહ્યું કે ન્યોમા એરફિલ્ડ પૂર્ણ થવા ઉપર વિશ્વના સૌથી ઊંચા એરફિલ્ડમાંનું એક હશે. અમે તેને આવતા વર્ષે ડિસેમ્બર સુધીમાં પૂર્ણ કરી શકીશું.

# કચ્છના ભૂકંપગ્રસ્ત ગામ દુધઈના પુર્નઃ વસનના નામે કરોડો રૂપિયાનું જમીન કૌભાંડ આચરાયું

**સંસ્થા દ્વારા ગામની સરકારી જમીન ઉપર ગેરકાયદે કબજો કરી શાળા, કોલેજ, કોમ્યુનિટી હોલ, પોલીસ સ્ટેશન, પોસ્ટ ઓફિસ જેવી સરકારી કચેરી પાસેથી મસમોટું ભાડું વસૂલાઈ રહ્યું છે**



અમદાવાદ, તા.૨૬

ભાજપના દિલ્હીના સાંસદની સંસ્થા દ્વારા ભૂકંપગ્રસ્ત ગામ દુધઈને પુર્નઃ વસનના નામે કરોડો રૂપિયા જમીન કૌભાંડનો પર્દાફાશ કરતા કચ્છ જીલ્લા પંચાયતના પૂર્વ વિપક્ષ નેતા વી.કે. હુંબલ, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડીયા કન્વીનર અને પ્રવકતા ડૉ. મનિષ દોશીએ પત્રકાર પરિષદને સંબોધન કરતા જણાવ્યું હતું કે, ભૂકંપ પુર્નઃ વસન જુન - ૨૦૦૧માં કચ્છનું પ્રથમ ગામ દુધઈનું લોકાર્પણ તત્કાલીન પ્રધાનમંત્રી અટલ બિહારી વાજપેઈના હસ્તે કરવામાં આવ્યું. કચ્છ જીલ્લાના અંજાર તાલુકાના દુધઈ ગામના પુર્નઃ વસનની કામગીરી 'રાષ્ટ્રીય સ્વાભિમાન સંસ્થા', દિલ્હી દ્વારા કરવામાં આવેલ જેના પ્રમુખ દિલ્હીના પૂર્વ સી.એમ. સાહિબસિંહ વર્મા હતા અને હાલ તેમના પુત્ર અને દિલ્હીના ભાજપા સાંસદ પ્રવેશ વર્મા છે. કચ્છમાં ભુકંપગ્રસ્ત પરિવારને પુર્નઃ સ્થાપનમાં કોંગ્રેસની સરકારો દિલ્હી, રાજસ્થાન, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર દ્વારા જવાહરનગર ચાંદ્રણી, કનૈયાબે અનેવરસાણા આધોઈ અને વોંધ, કોટાય, ચંદિયા જેટલા ગામો પુર્નઃવસન કરેલ, કચ્છમાં ૧૦૦ થી વધારે સંસ્થાઓએ પુર્નઃ વસનકરી અને ગ્રામજનો તેમજ પંચાયતને કબ્જા સુપ્રત કરી પરત ગયેલ જયારે રાષ્ટ્રીય સ્વાભિમાન સંસ્થા છેલ્લા ૨૨ વર્ષથી દુધઈ ગામનો કબજો જમાવી બેઠેલ છે. વર્ષ ૨૦૦૧માં માત્ર વાહવાહી મેળવવાના માટે મકાનોમાં શૌચાલય, ફલોરિંગ કર્યા સિવાય સહિતના અધૂરા મકાનો લાભાર્થીઓને ફાળવી દેવામાં આવ્યાં. આ સંસ્થા દ્વારા સરકારી જમીનો ઉપર દબાણો કરી ગેરકાયદેસર રીતે કોલેજો, હાઈસ્કુલ, પ્રાથમિક શાળાઓ, કોમ્યુનીટી હોલ બનાવી અને કોમર્શીયલ ધોરણે મસમોટી રકમ ભાડા પેટે વસુલવામાં આવે છે જે ખરેખર લેન્ડ ગ્રેબિંગ એકટ અંતર્ગત ગુન્હાપાત્ર છે. સંસ્થા દ્વારા જે મકાનો સરકારની લોકભાગીદારીથી બનેલ છે છતાં ઘણા મકાનો સંસ્થાએ કબજામાં રાખેલ છે અને આવા મકાનોમાં સંસ્થા દ્વારા પોલીસ કર્મચારીઓ, શિક્ષકો અને અન્ય લોકો પાસે થી ભાડા વસુલવામાં આવે છે. ભાજપાના સાંસદની સંસ્થા દ્વારા કુલ ૬૪૮ મકાનો બનાવવામાં આવ્યા, જેમાં દુધઈ ગ્રામજનોને માત્ર ૪૭૬ મકાનો ગ્રામજનોને આપેલા હતા અને બાકીના ૧૭૨ જેટલા મકાનો સંસ્થાએ પોતાના કબ્જામાં રાખ્યા. જે પૈકી આ સંસ્થા ૮ થી ૧૦ લાખ રૂપિયા વસૂલી રાજ્ય બહારના તેમજ ભુકંપપીડીત ન હોય તેવા અન્ય લોકોને ગેરકાયદેસર રીતે રજીસ્ટ્રેશન કરાવ્યા વગર વેચાણ કરી દીધા છે. આ સંસ્થા દ્વારા ગામની સરકારી જમીન ઉપર ગેરકાયદે કબજો કરી શાળા, કોલેજ, કોમ્યુનિટી હોલ, પોલીસ સ્ટેશન, પોસ્ટ ઓફીસ જેવી સરકારી કચેરી પાસેથી મસમોટું ભાડું વસુલાઈ રહ્યું છે. 'રાષ્ટ્રીય સ્વાભિમાન સંસ્થા' દ્વારા સર્વે નં. ૧૧૬માં અંદાજીત ૧૫૦ જેટલી દુકાનો બનાવી દુધઈ તેમજ દુધઈ બહારના લોકોને ૮ થી ૧૦ લાખ રૂપિયામાં ગેરકાયદેસર રીતે રજીસ્ટ્રી કરાવ્યા વગર વેચાણ કરી રહેલ છે. આ સંસ્થા દ્વારા સ્કૂલો તેમજ જુદી-જુદી સંસ્થાઓને જેમ ડી.એ.વી. સ્કુલ તેમજ નિરાકારી સંસ્થાને ૧૦ થી ૧૫૦૦૦ ચો.મી. જેટલી સરકારી જમીન ફાળવી દેવામાં આવેલ છે. જે શાળા મસમોટી ફી વસૂલી રહી છે. આ સંસ્થા દ્વારા ગ્રામજનો માટે કોમ્યુનીટી હોલ સરકારની ભાગીદારીથી સાથે બનેલ હોવા છતાં ૧૫ થી ૨૦,૦૦૦ હાજર જેટલું ભાડું કોઈ પણ પ્રસંગ માટે વસુલ કરાય છે. આ સંસ્થા દ્વારા જે ખાનગી જમીનો ખરીદેલ છે જે પૈકી ઘણી જમીનો સરકારની પણ છે અથવા તો નવી શરતની પણ છે. અને જે જમીનનું પ્રીમીયમ પણ ભરેલ નથી અને ગેરકાયદેસર રીતે આ સંસ્થા દ્વારા કબજો જમાવી બેઠેલ છે. આ સંસ્થા દ્વારા બાબા નાહરસિંહ ઈન્દ્રપ્રસ્થ કોલેજ, સંત નિરાકારી વિદ્યાભવન, હાઈસ્કૂલ તેમજ પ્રાથમિક શાળા જેવા સરકારી જમીન ઉપર બિલ્ડીગો ઉભા કરી અને કોમર્શીયલ ધોરણે ફીસની પણ વસુલાત કરવામાં આવે છે જે ગેરકાયદેસર છે. આ સંસ્થા સાથે ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય નેતાઓ જોડાયેલા છે જે ને કારણે ગુજરાત સરકારનું વહીવટી તંત્ર અવારનવાર ફરિયાદો કરવા છતાં કોઈ કાર્યવાહી કરવામાં આવેલ નથી.

## ગુજરાતમાં ‘ગોબર ધન પ્રોજેક્ટ‘થી આવી ક્રાંતિ

# વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આત્મનિર્ભર ભારતના સ્વપ્નને પરિપૂર્ણ કરવા નાગરિકોએ બળતણ તરીકે અપનાવ્યો પ્રદૂષણમુક્ત ગોબર ગેસ

### મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ આ યોજના થકી ગ્રામીણ વિસ્તારના જૈવિક ઘન કચરાનો થયો અસરકારક નિકાલ અને સ્વચ્છતાને મળ્યું પ્રોત્સાહન

ગાંધીનગર, તા.૨૬

ખેડૂતો અને પશુપાલકોની આવક વધારવા તેમજ ગ્રામીણ વિસ્તારના જૈવિક ઘન કચરાનો અસરકારક નિકાલ કરી સ્વચ્છતાને પ્રોત્સાહન આપવા વડાપ્રધાન નરેન્દ્ર મોદીના માર્ગદર્શન હેઠળ કેન્દ્ર સરકારે વર્ષ ૨૦૧૮માં ‘ગોબર ધન યોજના’ અમલમાં મૂકી હતી. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ તેમજ ગ્રામ વિકાસ મંત્રી રાઘવજી પટેલના નેતૃત્વ હેઠળ ગુજરાતમાં ‘ગોબર ધન પ્રોજેકટ’ થકી ક્રાંતિ આવી છે. ગુજરાતમાં ૭૬૦૦ના લક્ષ્યાંક સામે અત્યાર સુધીમાં કુલ ૭૧૦૦થી વધુ બાયોગેસપ્લાન્ટ સ્થાપવામાં આવ્યા છે. મંત્રી રાઘવજી પટેલે જણાવ્યું હતું કે, છેલ્લા પાંચ વર્ષ દરમ્યાન રાજયના ખેડૂતો અને પશુપાલકોની આવક વધારીને તેમને આત્મનિર્ભર બનાવવામાં બાયોગેસ પ્લાન્ટ એક શકિતશાળી માધ્યમ તરીકે ઉભરી આવ્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આત્મનિર્ભર ભારતના સ્વપ્નને પરિપૂર્ણ કરવા નાગરિકોએ પણ બળતણ તરીકે પ્રદૂષણમુકત ગોબર ગેસ અપનાવ્યો છે. ગોબરગેસ પ્લાન્ટમાંથી નાગરિકોને જાતે જ બળતણ ગેસ ઉત્પાદિત કરતા થયા છે, જેના પરિણામે તેમનો બળતણનો ખર્ચ ઝીરો થયો છે. આ સાથે જ વાર્ષિક રૂા. ૧૨ હજારથી ૨૫ હજાર જેટલી કિંમતના એલ.પી.જી. ગેસની પણ બચત થઈ રહી છે.

ગુજરાત રાજય ૨ ઘન મિટર ક્ષમતા ધરાવતા ૭૬૦૦ જેટલા વ્યક્તિગત બાયોગેસ પ્લાન્ટ સ્થાપવાના લક્ષ્યાંકને પૂર્ણ કરવા તરફ સફળતાપૂર્વક આગળવધી રહ્યું છે. ૭૬૦૦ના લક્ષ્યાંક સામે રાજયના ૩૩ જિલ્લાઓને મળી અત્યાર સુધીમાં કુલ ૭૧૪૭ બાયોગેસ પ્લાન્ટ સ્થાપવામાં આવ્યા છે.

તેમણે ઉમેર્યું કે, ગામડાઓને સ્વચ્છ અને આત્મનિર્ભર બનાવતી ગોબર ધન યોજના પર્યાવરણ અનુકુલિત છે. પશુઓના છાણનો ઈંધણની જગ્યાએ ગોબરગેસ પ્લાન્ટમાં ઉપયોગ થાય તો, પ્રદૂષણ ઘટવાની સાથે ગ્રામીણ પરિવારોને ઘરવપરાશ માટેનો ગેસ મળે છે. આ ઉપરાંત બાયોગેસ પ્લાન્ટમાંથી ઉત્પન્ન થતી સ્લરીનો ખાતર તરીકે સીધો ખેતરમાં ઉપયોગ કરી શકાય છે. વધુમાં તેમણે ઉમેર્યું કે, સ્વચ્છ ભારત મિશનને પ્રોત્સાહન આપતા ગોબરધન પ્રોજેકટના સુચારૂ અમલીકરણ માટે ગુજરાતમાં નેશનલ ડેરી ડેવલપમેન્ટ બોર્ડ (NDDB), અમૂલ ડેરી, બનાસ ડેરી, દૂધસાગર ડેરી, સાબર ડેરી અને ભારત બાયોગેસ એનર્જી લી. (BBEL)ને મુખ્ય અમલીકરણ એજન્સીઓ તરીકે નિયુક્ત કરવામાં આવી છે. ગોબરગેસ પ્લાન્ટ સ્થાપવામાં સહાય કરવા ઉપરાંત ગ્રામ વિકાસ વિભાગ દ્વારા NDDB મારફત લાભાર્થીઓને તાલીમ પણ આપવામાં આવે છે. ગત વર્ષે આણંદમાં ૨૫ જિલ્લાના ૧૩૦૦ થી વધુ લાભાર્થીઓને તાલીમ આપવામાં આવી હતી.



અત્રે ઉલ્લેખનીય છે કે, ગોબર ધન યોજના હેઠળ બાયોગેસ પ્લાન્ટ સ્થાપવા માટેની કુલ કિંમત રૂા.૪૨,૦૦૦ છે. જેમાં સ્વચ્છ ભારત મિશન-ગ્રામીણ દ્વારા રૂ. ૨૫,૦૦૦ની સબસિડી આપવામાં આવે છે, તેમજ રૂા.૧૨,૦૦૦ મનરેગા યોજના હેઠળ આપવામાં આવે છે. બાકી રહેલા રૂા.૫,૦૦૦ લોકફાળા રૂપે લાભાર્થી પાસેથી ઉઘરાવવામાં આવે છે. ગોબર ધન યોજના એક છે પણ તેના લાભ અનેક છે. એટલા માટેજ, કેન્દ્ર અને રાજ્ય સરકાર ગોબરગેસ પ્લાન્ટ સ્થાપવા માટેની આ યોજનાને પૂરતું પ્રોત્સાહન આપી રહી છે.

# પાંચ વર્ષમાં મેડિક્લ ફૂગાવો વધી ૧૪ ટકાથી વધુ ઉપર પહોંચ્યો

### ૨૦૧૮માં સરેરાશ મેડિકલ ઈન્સ્યોરન્સ ક્લેમ ૨૪,૫૬૯ રૂપિયા હતો, જે ૨૦૨૨માં વધીને ૬૪,૧૩૫ રૂપિયા થયો, જીવનજરૂરી ચીજોના વધતા ભાવથી લોકો પરેશાન

નવી દિલ્હી, તા.૨૬

દિવસેને દિવસે રોજીંદી જરૂરી ચીજવસ્તુઓના વધતા ભાવે સામાન્ય લોકો પર મોંઘવારીનો બોજ વધાર્યો છે. તેના ઉપર, કોવિડ સમયગાળાથી, હોસ્પિટલમાં પણ સારવાર મોંઘી થઈ ગઈ છે. છેલ્લા પાંચ વર્ષમાં હોસ્પિટલમાં દાખલ થયા બાદ સારવાર પાછળનો ખર્ચ બમણા દરે વધ્યો છે. એક તરફ જ્યાં મોંઘવારી દર ૭ ટકાની આસપાસ છે ત્યાં મેડિકલ ફુગાવો ૧૪ ટકાથી વધુના દરે વધી રહ્યો છે. એક રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે, ૨૦૧૮માં ચેપી રોગોની સારવાર માટે





સરેરાશ મેડિકલ ઈન્સ્યોરન્સ ક્લેમ ૨૪,૫૬૯ રૂપિયા હતો, જે ૨૦૨૨માં વધીને ૬૪,૧૩૫ રૂપિયા થઈ ગયો છે. એટલે કે ૫ વર્ષમાં આ રોગની સારવારનો ખર્ચ ૧૬૦ ટકા મોંઘો થઈ ગયો છે. મુંબઈ જેવા મેગાસિટીમાં પાંચ વર્ષમાં આ ખર્ચ રૂ. ૩૦,૦૦૦ થી વધીને રૂ. ૮૦,૦૦૦ થયો છે. શ્વસન રોગોની સારવાર માટેનો વર્ષ ૨૦૧૮માં સરેરાશ ખર્ચ ૪૮,૪૫૨ રૂપિયા હતો જે વધીને ૨૦૨૨માં ૯૪,૨૪૫ રૂપિયા થઈ ગયો છે, જેનો અર્થ છે કે વાર્ષિક સારવાર ૧૮ ટકાના દરે મોંઘી બની છે. જ્યારે મુંબઈમાં આ ખર્ચ રૂ. ૮૦,૦૦૦ થી વધીને રૂ. ૧.૭૦ લાખ થયો છે. કોરોના રોગચાળા બાદ, સારવાર પર ખર્ચમાં વધારો થયો છે, ખાસ કરીને રોગની સારવાર સૌથી મોંઘી બની છે. સારવાર માટે વપરાતી સામગ્રી પર પણ ખર્ચ વધ્યો છે. અગાઉ આ સામગ્રીનો હિસ્સો કુલ બિલમાં ૩ થી ૪ ટકા હતો, જે હવે વધીને ૧૫ ટકા થયો છે. મેડિકલ ફુગાવો અન્ય મોંઘવારી કરતા ઝડપી દરે વધી રહ્યો છે. મોંઘવારી દર ૭ ટકા છે પરંતુ તબીબી ફુગાવો બમણા દરે વધી રહ્યો છે. હેલ્થ ઈન્સ્યોરન્સની માંગ વધવાને કારણે સારવાર પણ મોંઘી થઈ ગઈ છે.

# એસટી બસ સ્ટેન્ડમાં ગંદકી કરવી પડી શકે છે ભારે

### નિગમ દ્વારા બસ સ્ટેન્ડની સ્વચ્છતા જળવાઈ રહે તેને ધ્યાનમાં રાખીને બસ સ્ટેન્ડની સફાઈ માટે અભિયાન પણ શરૂ કર્યું છે, એસટી વિભાગે લીધો આ મોટો નિર્ણય

અમદાવાદ, તા.૨૬

ગુજરાત વાહન વ્યવહાર વિભાગે બસ સ્ટેન્ડની સ્વચ્છતા લઈને મહત્વનો નિર્ણય લીધો છે. નિગમ દ્વારા ગંદકી ફેલાવનાર મુસાફરો સામે દંડ વસૂલવાની તૈયારી શરૂ કરી દીધી છે. ગંદકી કરનારા લોકો પાસેથી દંડ વસૂલવાની જોગવાઈ મામલે આવનાર દિવસોમાં નિર્ણય લેવામાં આવશે. જેથી મુસાફરોને બસ સ્ટેન્ડ પર કચરો ફેંકી ગંદકી કરવી ભારે પડી શકે છે. સ્વચ્છતા બાબતે ખાસ નિગમ દ્વારા પ્રથમવાર એક અધિકારીની પણ કેન્દ્રીય સ્તરે નિયુક્તિ કરવામાં આવી છે. ઓડિટ અને મોનિટરિંગ



ચીફ મેનેજરનો કાર્યભાર અધિકારીને સોંપવામાં આવ્યો છે. જે રાજ્ય પરના બસ સ્ટેન્ડ પર સ્વચ્છતા બાબતે કામ કરી રહ્યાં છે. ચીફ મેનેજર રાજ્યના તમામ એસટી બસ ડેપોમાં સ્વચ્છતા બાબતે કરશે કામગીરી કરશે. નિગમ દ્વારા બસ સ્ટેન્ડની સ્વચ્છતા જળવાઈ રહે તેને ધ્યાનમાં રાખીને બસ સ્ટેન્ડની સફાઈ માટે અભિયાન પણ શરૂ કર્યું છે. અમદાવાદના ગીતામંદિર એસટી બસ સ્ટેન્ડ પર સફાઈ બાબતે ભાર આપવામાં આવી રહ્યો છે અને ઝુંબેશ શરૂ કરવામાં આવી છે. અમદાવાદ બસ સ્ટેન્ડ પર વિભાગના અધિકારીઓ પોતે હાજર રહીને કામ લઈ રહ્યા છે. રાજ્યના બસ સ્ટેન્ડ ઉપર દિવસ દરમિયાન હજારોની સંખ્યામાં મુસાફરોની અવરજવર થતી હોય છે. તેમાં અમદાવાદ વડોદરા, સુરત અને રાજકોટ જેવા મહાનગરોના બસ સ્ટેન્ડ પર મુસાફરોની અવરજવર ખૂબ જ મોટા પ્રમાણમાં થતી હોય છે. આ સ્થિતિમાં સ્વચ્છતા અંગે જાગૃતતાના અભાવે ગંદકી ફેલાતી હોય છે. જોકે હવે નિગમ દ્વારા ગંદકી ફેલાવનાર મુસાફરો પાસે દંડ વસૂલવા બાબતે નીતિ ઘડવામાં આવશે.

# ફેમિલી ડોકટરની જેમ પરિવારોને પ્રાકૃતિક ખેતી કરતા ફેમિલી ફાર્મર માટે આહ્‌વાન કરતા રાજયપાલ આચાર્ય દેવવ્રતજી

## ભરૂચ ખાતે રાજ્યપાલશ્રીના હસ્તે ગુજકો ગ્રીન બનાના ફાઈબર પ્રોજેક્ટનો શુભારંભ



ભરૂચ, તા.૨૬

ભરૂચના વગુસણા ખાતે ગુજકોમાસોલના ગુજકો ગ્રીન બનાના ફાયબર પ્રોજેકટના શુભારંભ સમારંભમાં ખેડૂતોને સંબોધતાં રાજયપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું હતું કે, કેળના થડનો જયાં-ત્યાં નિકાલ કરવામાં આવે તો તે પર્યાવરણને દૂષિત કરી માનવ સ્વાસ્થ્યને વિપરિત અસર કરે છે. ગુજકોમાસોલ દ્વારા શરૂ કરવામાં આવેલા આ પ્રોજેકટથી જેને આપણે વેસ્ટ ગણી ફેંકી દઈએ છીએ એ વેસ્ટમાંથી ફાઈબર મેળવી કાપડ, કાગળ જેવી વસ્તુ બનાવવામાં આવે છે. તેમાંથી નિકળતા પ્રવાહીમાંથી પ્રવાહી ખાતર, મધ્યગરના ભાગમાંથી પૌષ્ટિક કેન્ડી તેમજ બાકી બચતા અવશેષમાંથી અળસિયાનું ખાતર બનાવવામાં આવે છે.

દેશના પ્રધાનમંત્રી અને તત્કાલિનમુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદી અને તત્કાલિન કૃષિમંત્રી દિલીપભાઈ સંઘાણીએ આ પ્રોજેકટના સંશોધનનો નવસારી કૃષિ યુનિર્વસીટીમાંથી પ્રારંભ કરાવ્યો હતો. ગુજકોમાસોલે ખૂબ જ રસ લઈને આ પ્રોજેકટને શરૂ કરતાં કેળની ખેતી કરતા ખેડૂતો માટે આવકવૃદ્ધિના નવા સ્રોત ઉભા થશે એમ રાજયપાલશ્રીએ જણાવ્યું હતું.

આ પ્રસંગે રાજયપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ જણાવ્યું હતુંકે, વર્તમાન સમયમાં પ્રાકૃતિક કૃષિ સાથે જોડાઈને દેશને પોષણયુક્ત અનાજ-પાક મળે, ખેડૂતોની આવક વધે, લોકો તંદુરસ્ત બને તે માટેના પ્રયત્નો અને અભિયાન ચલાવવામાં આવી રહ્યા છે. વધતા જતા ગ્લોબલ વોર્મિંગની નકારાત્મક અસરો, ઘટી રહેલાં કૃષિ ઉત્પાદન તેમજ સ્વાસ્થ્યપ્રદ જીવન માટે પ્રાકૃતિક ખેતી જ એકમાત્ર અસરકારક ઉપાય છે. જેમ પ્રત્યેકપરિવાર પાસે એક ફેમિલી ડૉકટર હોય છે, તેમ પ્રત્યેક પરિવાર એક પ્રાકૃતિક કૃષિ કરતાં ખેડૂત સાથે જોડાય અને દરેક પરિવાર સાથે પોતાનો ફેમિલી ફાર્મર હોય એવું આહ્વાન રાજયપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ આપ્યું હતું.

તેમણે ઉમેર્યું કે, જે રીતે જંગલનાં વૃક્ષોને કુદરતી રીતે જ પોષણ મળે છે, ત્યાં કોઈ પ્રકારના ખાતર વિના જ આપોઆપ ફળ આવી જાય છે. પ્રાકૃતિક ખેતીમાં પણ જીવામૃત અને ઘન જીવામૃત આધારિત કુદરતી પદ્ધતિ દ્વારા ખેતી પોષણક્ષમ તો બને જ છે, ખેડૂતોનો ખર્ચ પણ શૂન્ય થઈ જાય છે.

રાજયપાલશ્રીએ યુનેસ્કોના રિપોર્ટનો હવાલો આપતાં જણાવ્યું કે, જો રાસાયણિક ખાતરોનો ઉપયોગ ઘટાડવામાં નહીં આવે, તો આગામી ૪૦ વર્ષમાં ગ્લોબલ વોર્મિંગની સમસ્યાના કારણે જમીન સદંતર બિનઉપજાઉ બની જશે. તદુપરાંત, વિદેશથી મંગાવવામાં આવતા યૂરિયા અને અન્ય રાસાયણિક ખાતરોમાં દેશનું હૂંડિયામણ પણ ખર્ચ થાય છે. જ્યારે પ્રાકૃતિક કૃષિ થકી જમીનનાં પોષક તત્ત્વો પણ જળવાઈ રહે છે તેમજ વરસાદી પાણી પણ જમીનમાં ઉતરવાના કારણે જમીનનું જળસ્તર પણ ઊંચું આવે છે.

તેમણે જણાવ્યું કે, દેશી ગાયના એક ગ્રામ ગોબરમાં ૩૦૦ કરોડ સુક્ષ્મ જીવાણું હોય છે. ગાયના ગોબર અને ગોમૂત્ર આધારિત પ્રાકૃતિક ખેતીના કારણે પ્રથમ વર્ષથી જ પૂરેપૂરું ઉત્પાદન મળે છે. એટલું જ નહીં, ખેડૂતોનો ખર્ચ પણ શૂન્ય થવાથી તેમની આવક બમણી કરવાનું પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનું સ્વપ્ન પણ સિદ્ધ કરી શકાશે.

રાજયમાં પ્રાકૃતિક ખેતી અપનાવનારા ખેડૂતોની સંખ્યામાં થયેલી વૃદ્ધિ વિશે વિગતો આપતાં રાજયપાલશ્રીએ જણાવ્યું કે, છેલ્લાં ચાર વર્ષ દરમિયાન રાજયમાં ૮.૫૦ લાખ ખેડૂતોએ પ્રાકૃતિક ખેતી અપનાવી છે. વધુમાં વધુ ખેડુતોને પ્રાકૃતિક ખેતી અપનાવવા તેમણે અનુરોધ કર્યો હતો.

તેમણે દ્દષ્ટાંત ટાંકતાં જણાવ્યું કે, હરિત ક્રાંતિની શરૂઆત સમયે સમગ્ર ભારત દેશની ધરતીનો ઓર્ગેનિક કાર્બન ૨ થી ૨.૫૦ ટકા હતો. ગત વર્ષે આવેલા રીપોર્ટ મુજબ ઓર્ગેનિક કાર્બનનું પ્રમાણ ઘટીને ૦.૩, ૦.૪, ૦.૫ થઈ રહ્યું છે. જે જમીનનુ ઓર્ગેનિક કાર્બન ૦.૫ થી નીચું જાય ત્યારે તેને વેરાન જમીન કહેવાય છે. આપણી ધરતી ઉજ્જડ થઈ ચુકી છે. જેને બચાવવી હશે તો પ્રાકૃતિક ખેતી અપનાવવી પડશે.

આ અવસરે ગુજકોમાસોલના ચેરમેન દિલીપભાઈ સંઘાણીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે આ પ્રોજેકટના સંશોધનની શરૂઆત કરવામાં આવી હતી. ખેડુતોની આવક ડબલ કરવાના પ્રધાનમંત્રીના સ્વપ્નને સાકાર કરવામાં આ પ્રોજેકટ આર્શીવાદરૂપ બનશે. ગુજકોમાસોલ કેળની ખેતી કરતાં ખેડૂતો પાસેથી કેળના થડ મેળવશે જેનાથી ખેડૂતોને કેળના થડનો નિકાલ કરવાનો ખર્ચ બચી જશે અને આર્થિક લાભ થશે. ખેડુતોને સેન્ટરમાં ટ્રેનિંગ આપીને રાહતદરે મશીનરી પણ પુરી પાડવામાં આવશે. કેળના નકામા થડમાંથી ફાયબર, કાપડ, ખાતર સહિતની અનેક વસ્તુઓ બનાવી ગુજકોમાસોલ મારફતે માર્કેટીંગ કરીને ખેડુતોને વધારાની આવક મળતી થશે. આ ઉપરાંત તેમણે નેનો યુરિયાની શોધના કારણે કરોડોનું વિદેશી હુડિયામણ બચત થઈ રહ્યું હોવાનું જણાવીને આગામી સમયમાં ખેડુતોની ખેતપેદાશોના ભાવ વાવેતર કર્યા પહેલા નક્કી કરીને ઉચી કિંમતે ખરીદી કરવામાં આવનાર હોવાની વિગતો તેમણે આપી હતી.

આ અવસરે ગુજકોમાસોલના વાઈસ ચેરમેન બિપીનભાઈ પટેલે સ્વાગત પ્રવચન કરતાં જણાવ્યું હતું કે, ખેડુતોની આવક ડબલ કરવાના પ્રધાનમંત્રીના સ્વપ્નને સાકારિત કરવાના ભાગરૂપે વેસ્ટમાંથી બેસ્ટ બનાવીને પર્યાવરણનું રક્ષણ થાય તેવા આશયથી ગ્રીન બનાના પ્રોજેક્ટ શરૂ કરવામાં આવ્યો છે. આ પ્રોજેક્ટથી કેળાની ખેતી કરતા ખેડુતો પાસેથી કેળથડ ખરીદીને તેમાંથી નવીનવી વસ્તુઓ બનાવવામાં આવશે. જેથી ખેડૂતોને આર્થિક ફાયદો થશે. આભારવિધિ ગુજકોમાસોલના મુખ્ય કાર્યકારી અધિકારી દિનેશ સુથારે કરી હતી.

આ પ્રસંગે બનાના ફાઈબર પ્રોજેકટમાં માતબર પ્રદાન બદલ નવસારી કૃષિ યુનિવર્સિટીના પ્રોફેસર ચિરાગ દેસાઈનું રાજયપાલશ્રીના હસ્તે બહુમાન કરવામાં આવ્યું હતું. આ અવસરે કુષિમંત્રી રાઘવજીભાઈ પટેલ, સહકાર રાજયમંત્રી જગદીશભાઈ પંચાલ, આદિજાતિ, ગ્રામ વિકાસ રાજયમંત્રી કુંવરજીભાઈ હળપતિ, વાગરાના ધારાસભ્યશ્રી અરૂણસિંહ રણા, જિલ્લાના અધિકારીઓ, જિલ્લા અગ્રણી મારુતિ સિંહ અટોદરિયા, સહકારી આગેવાનો તથા પદાધિકારીઓ સહિત મોટી સંખ્યામાં ખેડુતો ઉપસ્થિત રહ્યા હતા.

## આજે ૨૬ ઓગસ્ટ : મહિલા સમાનતા દિવસ

# પુરૂષ સમવડી મહિલાઓના માનમાં સમાનતામાં, અનેકતા સમાન સ્ત્રીઓના અધિકાર-હકકો અંગે મહિલા સશક્તિકરણની જાગૃતિ ફેલાવવાના હેતુસર ઉજવાય છે

(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ તા.૨૬

આધુનિક યુગમાં પુરૂષો સમવડી મહિલાઓના માનમાં સમાનતામાં અનેકતા સમાન સ્ત્રીઓના અધિકાર-હકો અંગે જાગૃતિ ફેલાવવાના ઉદેશ અર્થે ઉજવવામાં આવે છે.પરિવારમાં સ્ત્રીઓ એકસાથે અનેક ચાવીરૂપ ભૂમિકા ભજવે છે ત્યારે સ્વસ્થ સમાજના નિર્માણ અને રાષ્ટ્રના સર્વાંગી વિકાસમાં, સામાજિક, આર્થિક અને શૈક્ષણિક ક્ષેત્રોમાં મહિલાઓની સહભાગીદારી મહત્વની સાબિત થઈ રહી છે. વર્ષ ૧૮૪૮માં સેનેકા ફોલ્સ, ન્યુયોર્કમાં નાબુદીવાદીઓનો સમૂહ એકત્ર થયો હતો, જેમણે મહિલાઓની સમસ્યાઓ અને તેમના અધિકાર વિશે ચર્ચા કરી હતી. મહિલાઓના આ સમૂહમાં કેટલાક પુરુષો પણ સામેલ હતા. તેઓએ નક્કી કર્યું કે અમેરિકાની મહિલાઓ પણ રાજકીય ઓળખની હકદાર છે. કેટલાક વર્ષો બાદ આ આંદોલનો ઉગ્ર બન્યા પરતું સમય જતા ગુલામી વિરોધી આંદોલનોના કારણે

## ગુજરાતમાંમહિલાઓના સશક્તિકરણનીસાથેજાતીય સમાનતા ઉભી કરવાના ઉદ્દેશથી મહિલા અને બાળ કલ્યાણ વિભાગ અંતર્ગત અનેક યોજનાઓ અમલી

મહિલા અધિકારોના આંદોલનોની ગતિમાં નોંધપાત્ર ઘટાડો થયો પરંતુ વર્ષ ૧૮૯૦ના દાયકા દરમિયાન એલિઝાબેથ કેડી સ્ટેન્ટોનની અધ્યક્ષતામાં નેશનલ અમેરિકન વુમન સફરેજ (મતાધિકાર) એસોસિએશનની શરૂઆત થઈ. દાયકાના અંત પહેલા ઈડાહો અને યૂટાએ મહિલાઓને મત આપવાનો અધિકાર આપ્યો હતો ત્યારબાદ આ લોકજાગૃતિ સમગ્ર વિશ્વમાં ફેલાઈ ગઈ હતી. જેના પરિણામ સ્વરૂપ ૨૬ ઓગસ્ટ, ૧૯૨૦ના રોજ સંયુક્ત રાજય અમેરિકાના બંધારણમાં ૧૯માં સુધારો સ્વીકારવામાં આવ્યો હતો.

ભારતીય બંધારણ સાર્વભૌમત્વ, સમાજવાદ અને બિનસાંપ્રદાયિક સિદ્ધાંતોને વરેલું છે. ભારતીય બંધારણે દેશના દરેક નાગરિકને સમાન હક્ક આપ્યા છે. જાતીય સમાનતાનો સિદ્ધાંત મહિલાઓને સમાન હક આપવાની તરફેણ કરે છે. ગુજરાતે મહિલાઓને સુશિક્ષિત, સુરક્ષિત અને જાગૃત્ત બનાવવા જેન્ડર ઈક્વાલિટી પોલીસી (જી.ઈ.પી.) ઘડી છે.

ગુજરાત સરકારનો મહિલા અને બાળ વિકાસ વિભાગ મહિલાઓ સાથે રાખવામાં આવતાં ભેદભાવ દૂર કરવાનું અને તે મુદ્દે સંવેદનશીલતા કેળવવાનું મહત્વનું કાર્ય કરે છે. મહિલા અને બાળ કલ્યાણ વિભાગ અંતર્ગત મહિલા અને બાળકોના કલ્યાણ, સશકતિકરણ અને ઉદ્ધાર માટે વિવિધ યોજનાઓ કાર્યરત છે. આ વિભાગ મહિલાઓને વિવિધ યોજનાઓમાં જોડીને તેમને સમાજના મુખ્ય પ્રવાહમાં ભેળવવાનું કામ કરે છે. મહિલાઓ માટે જાતીય સમાનતા ઉભી કરવાની મહત્વની જવાબદારી આ વિભાગ નિભાવે છે.

ગુજરાતમાં મહિલાઓની પ્રગતિ-ઉત્થાન માટે મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી ભાનુબેન બાબરીયાના માર્ગદર્શન હેઠળ નારી અદાલતો, ૧૮૧ અભયમ હેલ્પલાઇન, કન્યા કેળવણી, વ્હાલી દીકરી યોજના તેમજ નાબુદી માટે 'બેટી બચાવો, બેટી પઢાવો' અભિયાન ચલાવવામાં આવે છે. ઘરેલુ હિંસા, મહિલાને મિલકતનો અધિકાર, દહેજ પ્રતિબંધ, જાતીય સતામણી જેવી મહિલાઓને સ્પર્શતી સમસ્યાઓના ઉકેલ માટે આ વિભાગ સક્રિય છે. આમ, સામાજિક, આર્થિક અને શૈક્ષણિક ક્ષેત્રોમાં મહિલાઓની સહભાગીદારી અર્થે આ વિભાગ ચાવીરૂપ ભૂમિકા ભજવી રહ્યું છે.

## કેશોદના નાની ઘંસારી ગામે શ્રીમદ્ ભાગવત કથાનો લાભ લેતા શ્રોતાજનો



(ગોવીંદ હડીયા દ્વારા)

કેશોદ તા.૨૬


હાલમાં પવિત્ર શ્રાવણ માસ હોય શ્રાવણ માસ નિમીતે શિવાલયોમાં હરહર મહાદેવના નાદ સાથે શ્રદ્ધાળુઓ દ્વારા પુજા અર્ચના કરવામા આવી રહીછે વિવિધ સત્સંગ મંડળો દ્વારા વિવિધ કાર્યક્રમો સાથે પવિત્ર શ્રાવણ માસની ભાવભેર ઉજવણી કરવામાં આવી રહીછે ત્યારે કેશોદ તાલુકાના નાની ઘંસારી ગામે મહીલા સત્સંગ મંડળના સહયોગ અને ભુદેવ જીતુદાદા વ્યાસના સંકલ્પથી રામદેવપીર મંદિરના સાનિધ્યમાં શ્રીમદ્ભાગવત કથાનું આયોજન થયુછે.

જેમાં શ્રીમદ્ ભાગવત સુધાનુ શ્રવણ થઈ રહયુછે શ્રીમદ્ ભાગવત કથાના પ્રારંભે પોથી પુજન કરવામાં આવ્યુ હતું નાની ઘંસારી ગામના ભુદેવ જીતુદાદા વ્યાસના કંઠે સંગીતમય શૈલીમાં શ્રીમદ ભાગવત કથાનું રસપાન કરાવી રહ્યાછે શ્રીમદ્ ભાગવત કથા નિમીતે રામ જન્મ વામન પ્રાગટ્ય કૃષ્ણ જન્મોત્સવ સહીતના પ્રસંગોની ઝાંખી સાથે ઉજવણી કરવામાં આવી રહીછે કૃષ્ણ જન્મોત્સવ નિમિત્તે નંદભૈયાનું આયોજન કરવામાં આવ્યું હતું.

જેમાં કૃષ્ણ ભકિતમય વાતાવરણ જોવા મળ્યું હતું મહીલા સત્સંગ મંડળ દ્વારા ભકિતભાવ સાથે દેશી ધોળ પદ બોલવામાં આવેછે શ્રદ્ધાળુઓ દ્વારા તન મન ધનથી સાથ સહકાર આપવામા આવી રહ્યોછે દરરોજ ભાગવતજી સંદયા આરતીમાં ગોવિંદ હડિયા તથા વિપુલ ફટાણીયા દંપતી સાથે આરતીનો લાભ લઈ રહ્યાછે શ્રીમદ્ ભાગવત કથા નિમીતે દરરોજ તમામ શ્રોતાઓ પ્રસાદીનો લાભ લઈ રહ્યાછે શ્રીમદ્ભાગવત કથા નિમીતે દાતાઓ દ્વારા આપવામા આવતા દાનનો રામાપીર મંદિરના સાનિધ્યમાં સારા કાર્યોમાં ઉપયોગમાં લેવામાં આવશે શ્રીમદ્ ભાગવત કથા દરમિયાન ભકિતમય વાતાવરણ જોવા મળી રહ્યું છે.

## ખંભાળિયાના પાદરમાં ગઢની રાંગના હેરિટેજ વિકાસના કામ સંદર્ભે આસપાસના આસામીઓને નોટિસ

### સંભવિત દબાણ સંદર્ભે નગરપાલિકા તંત્ર દ્વારા આધાર પુરાવા રજૂ કરવા જણાવાયું



(કુંજન રાડીયા દ્વારા)

જામખંભાળિયા, તા.૨૬

ખંભાળિયા શહેરના પાદરમાં આવેલી વર્ષોજૂની અનેરજવાડાના સમયની વિશાળ દિવાલો કે જે આજે પણ "ગઢની રાંગ" તરીકે ઓળખાય છે, તે જુદી જુદી દીવાલોને આકર્ષક રીતે સુશોભિત કરવા માટે સરકાર દ્વારા તાજેતરમાં આશરે રૂપિયા સાડા ત્રણ કરોડની ગ્રાન્ટ ફાળવવામાં આવી છે. આ "ગઢની રાંગ" નજીક આવેલા કેટલાક આસામીઓને પોતાની મિલકત અંગેના આધાર પુરાવા રજૂ કરવા માટે નગરપાલિકા તંત્ર દ્વારા પત્ર લખવામાં આવ્યા છે.

ખંભાળિયા શહેરની પ્રાચીન ધરોહર સમાન અત્રે દ્વારકા ગેટ, સલાયા ગેટ અને પોર ગેટ વિસ્તારમાં આવેલી આકર્ષક દરવાજાઓ સાથેની દિવાલ (ગઢની રાંગ) તેમજ "નવડેરા"ની પ્રાચીન ઈમારત કે જે હાલ ખૂબ જ ક્ષીણ હાલતમાં છે, તેની જાળવણી સાથે રાંગ, ગેઈટ અને નવડેરાને હેરિટેજ લુક મળે તે હેતુથી મુખ્યમંત્રી દ્વારા રૂ. ૩.૪૩ કરોડની સૈદ્ધાંતિક મંજૂરી આપવામાં આવી છે. અહીંના દ્વારકા ગેટ, સલાયા ગેટ તથા પોર ગેટની આ વિશાળ અને વર્ષો જૂની દીવાલો પાસે કેટલાક મકાન, દુકાન તેમજ વંડાઓ હોવા અંગેનું ધ્યાને આવતા ખંભાળિયા નગરપાલિકા દ્વારા આ વિસ્તારના આસામીઓને તેઓના માલિકી અંગેના પુરાવા દસ દિવસમાં રજૂ કરવા માટે પત્રો લખવામાં આવ્યા છે. આ જગ્યાઓ હેરિટેજ લુક માટે બાધારૂપ હોય, જો યોગ્ય આધાર પુરાવાઓ આપવામાં નહીં આવે તો આવા બાંધકામો જે-તે આસામીઓના ખર્ચે દૂર કરવામાં આવવાની સંભાવના પણ જોવા મળી રહી છે. અહીંની એલસીબી કચેરીનો કેટલોક ભાગ પણ હેરિટેજ વિસ્તારમાં આવી જતો હોય, તેને પણ પત્ર લખવામાં આવ્યું હોવાનું જાણવા મળ્યું છે. જુદા જુદા વિસ્તારોમાં ગઢની રાંગ નજીક અનેક બાંધકામો છે. આટલું જ નહીં, અહીં ભાડાપટ્ટાની જગ્યાઓ સાથે બાંધકામો ઊભા છે. ત્યારે દસ દિવસના અલ્ટીમેટમ સાથેની નોટિસ અંગેની નગરપાલિકા દ્વારા કરવામાં આવેલી કાર્યવાહીએ આવા આસામીઓને દોડતા કરી દીધા છે.

## અમરાપુર ગામે નિવૃત્ત ફોજી જવાનનાં નિવાસ સ્થાને દશામાંના વ્રતની ઉજવણી



(રમેશ કારિયા દ્વારા) અમરાપુર, તા.૨૬

માળીયા હાટીનાના અમરાપુર ગામે નિવૃત્ત ફોજી જવાન ભગવાનજી કોદાવલાના નિવાસ સ્થાને દશા માંના વ્રતની ઉજવણી કરવામાં આવી. આ પ્રસંગે આમ આદમી પાર્ટીના નેતા રેશમાબેન પટેલ સાથે પીયુષભાઈ પરમાર સાથે ઉપસ્થિત રહ્યા હતા. આ તકે રેશમાબેન પટેલ જણાવ્યું હતું કે, આજે મને ધાર્મિક કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવાની તક મળી છે ત્યારે રાજકીય ચર્ચા નથી કરવી આવા ધાર્મિક કાર્યક્રમમાં આમંત્રણ આપવા બદલ ફોજી જવાન ભગવાનજીભાઈનો આભાર માન્યો હતો.

### :: અવસાન નોંધ ::

ઉના : લોહાણા સુરેશભાઈ ગીરધરભાઈ ગંગદેવ (ઉ.વ. ૬૬) તે કાનાભાઈ (કેવલભાઈ), ચિરાગભાઈના પિતા, દિલીપભાઈ, સતિષભાઈ, રાજુભાઈ ગંગદેવ, પ્રવિણાબેન અરવિંદકુમાર છગ (તાલાલા ગીર), નયનાબેન જગદિશકુમાર બોરિયા (કેશોદ)ના મોટા ભાઈ, સ્વ. બચુભાઈ કાનજીભાઈ રૂપારેલિયાના જમાઈ અને વિપુલભાઈ રૂપારેલિયાના બનેવી તા.૨૫/૮/૨૦૨૩ના અવસાન પામેલછે.



